અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ ડિસેમ્બર ૨૦૨૩, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, કારતક વદ પાંચમ | અંક : ૧૨૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


**મોદી સીપીઓની બેઠકમાં ભાગ લેવા દુબઈમાં**

**એ પણ સુનિશ્ચિત થવું જરૂરી છે કે ક્લાઈમેટ ચેન્જ સામેની આ લડાઈમાં ગ્લોબલ સાઉથના દેશોના હિતોની સાથે કોઈ છેડછાડ ન થાય : વડાપ્રધાન**

# ક્લાઈમેટ ચેન્જ સામે મજબૂત વૈશ્વિક સહયોગ જરૂરી : પીએમ મોદી

। દુબઈ, તા.૧ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કલાઈમેટ એક્શન સમીટ સીપીઓ ૨૮ની બેઠકમાં ભાગ લેવા માટે દુબઈ ગયા છે. દુબઈમાં કોન્ફરન્સમાં વાતચીત દરમિયાન વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કલાઈમેટ ચેન્જ સામે મજબૂત વૈશ્વિક સહયોગની જરૂર છે અને સાથે એ પણ સુનિશ્ચિત થવું જરૂરી છે કે ક્લાઈમેટ ચેન્જ સામેની આ લડાઈમાં ગ્લોબલ સાઉથના દેશોના હિતોની સાથે કોઈ છેડછાડ ન થાય. દુબઈની એક ન્યુઝ એજન્સી સાથે વાતચીત કરતા સમયે પીએમમોદીએ એમ પણ કહ્યું કે, ભારત એક માત્ર દેશ છે જેણે નેશનલ ડિટરમાઈન્ડ કોન્ટ્રીબ્યુશનમાટે તેમણે નિર્ધારિત કરેલા લક્ષ્યને પૂર્ણ કર્યું છે. પીએમમોદીએ આગળ કહ્યું કે, કલાઈમેટ ચેન્જ એક વૈશ્વિક સમસ્યા છે અને તેના વિરુદ્ધ લડવા માટે આખી દુનિયાને એક થઈને કામ કરવું પડશે. ઉપરાંત આ પરિસ્થિતિ સામે લડવા આ પણ મહત્વનું છે કે, વિકાસશીલ દેશોને સમસ્યા સર્જતા દેશો તરીકે ન આંકવા. વિકાસશીલ દેશો પણ આ સમસ્યાના ઉકેલ માટે જરૂરી યોગદાન આપી રહ્યા છે, પરંતુ તેમને નાણાકીય અને તકનીકી મદદ આપ્યા વિના આ બનશે નહિ. આ કારણે જ મેં હંમેશા હિમાયત કરી છે કે, કલાઈમેટ ચેન્જનો સામનો કરવા માટે નાણાકીય અને ટેકનોલોજી ટ્રાન્સફર માટે વૈશ્વિક સહયોગ અત્યંત મહત્વપૂર્ણ છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, સીપીઓ૨૭ કોન્ફરન્સ દરમિયાન, મેં કલાઈમેટ ચેન્જનો સામનો કરવા માટે પંચામૃત નામની ભારતની પાંચ મહત્વાકાંક્ષી પ્રતિબદ્ધતાઓ આપી હતી. જેમાં ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ બિન-અશ્મિભૂત ઈંધણ ક્ષમતા સુધી પહોંચવું, ૨૦૩૦ સુધીમાં નવીનીકરણીય ઉર્જામાંથી ભારતની ૫૦ ટકા ઊર્જા જરૂરિયાતો હાંસલ કરવી, ૨૦૩૦ સુધીમાં કાર્બન ઉત્સર્જનને એક અબજ ટન સુધી મર્યાદિત કરવું, ૨૦૩૦ સુધીમાં ૪૫% દ્વારા કાર્બન આધારિત અર્થવ્યવસ્થા વિકસાવવી અને વર્ષ ૨૦૭૦ સુધીમાં કાર્બન ઉત્સર્જનને શૂન્ય સુધી ઘટાડશે જેવી પ્રતિબદ્ધતાઓ સામેલ છે.

## ૨૦૨૮માં સીઓપીના આયોજન માટે ભારત તૈયાર : વડાપ્રધાન મોદી



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ક્લાઈમેટ એક્શન સમીટ સીઓપી ૨૮ની બેઠકમાં ભાગ લેવા માટે દુબઈ ગયા છે. આ સમીટ દરમિયાન પીએમમોદીએ ૨૦૨૮માં ભારતમાં યુએન ક્લાઈમેટ સમિટનું આયોજન કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ દરમિયાન તેમણે પર્યાવરણની સુરક્ષા માટે ભારત દ્વારા ઉઠાવવામાં આવેલા પગલાઓનો ઉલ્લેખ કર્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે ભારત હંમેશા અર્થતંત્ર અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવનાર દેશ રહ્યો છે. આ સિવાય દુબઈમાં કોન્ફરન્સમાં વાતચીત દરમિયાન વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ક્લાઈમેટ ચેન્જ સામે મજબૂત વૈશ્વિક સહયોગની જરૂર છે અને સાથે એ પણ સુનિશ્ચિત થવું જરૂરી છે કે ક્લાઈમેટ ચેન્જ સામેની આ લડાઈમાં ગ્લોબલ સાઉથના દેશોના હિતોની સાથે કોઈ છેડછાડ ન થાય. દુબઈની એક ન્યુઝ એજન્સી સાથે વાતચીત કરતા સમયે પીએમમોદીએ એમ પણ કહ્યું કે, ભારત એક માત્ર દેશ છે જેણે નેશનલ ડિટરમાઈન કોન્ટ્રીબ્યુશનમાટે તેમણે નિર્ધારિત કરેલા લક્ષ્યને પૂર્ણ કર્યું છે. પીએમમોદીએ આગળ કહ્યું કે, ક્લાઈમેટ ચેન્જ એક વૈશ્વિક સમસ્યા છે અને તેના વિરુદ્ધ લડવા માટે આખી દુનિયાને એક થઈને કામ કરવું પડશે. ઉપરાંત આ પરિસ્થિતિ સામે લડવા આ પણ મહત્વનું છે કે, વિકાસશીલ દેશોને સમસ્યા સર્જતા દેશો તરીકે ન આંકવા. વિકાસશીલ દેશો પણ આ સમસ્યાના ઉકેલ માટે જરૂરી યોગદાન આપી રહ્યા છે, પરંતુ તેમને નાણાકીય અને તકનીકી મદદ આપ્યા વિના આ બનશે નહિ.

### ન્યૂઝ બ્રિફ

#### ઈઝરાયેલે ગાઝામાં નવી વસાહતો બનાવવાનું શરૂ કર્યું

। તેલ અવીવ, તા.૧ ।

હમાસ અને ઈઝરાયેલ વચ્ચેનો કામચલાઉ યુધ્ધ વિરામ પૂરો થતાની સાથે જ ઈઝરાયેલે ફરી જંગ શરૂ કરવાની જાહેરાત કરી છે. જોકે યુધ્ધ વિરામ દરમિયાન ઈઝરાયેલે ગાઝામાં પોતાની નવી વસાહતો બનાવવાનુ નક્કી કર્યુ છે. આવી એક રહેણાંક કોલોની બનાવવાનુ શરૂ પણ કરી દેવાયુ છે. જેના શિલાન્યાસ માટે વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂ જાતે પહોંચ્યા હતા. આ શિલાન્યાસ પાછો રાત્રે કરવામાં આવ્યો હતો.

#### ૭ ફૂટ નવ ઈંચ લાંબા વાળ સાથે પ્રયાગરાજની મહિલાનો ગિનિસ રેકોર્ડ

। નવી મુંબઇ, તા.૧ ।

આ દુનિયામાં અવનવુ અને કંઈક હટકે કરીને લોકો પોતાના ટેલેન્ટથી પોતાનું નામ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાવવા માંગતા હોય છે. કોઈની હાઈટ લાંબી છે તો કોઈની નાની, કોઈ પોતાના લાંબા નખને કારણે તો કોઈ પોતાના વાળથી ગાડી ખેંચવાને કારણે આ લિસ્ટમાં છે ઘણા રેકોર્ડ તો બહુ હટકે અને અટપટા છે કોઈએ વિચાર્યુ પણ ના હોય એવા કરતબો કરીને દેશ દુનિયાના લોકોએ પોતાનું નામ આ બુકમાં નોંધાવ્યુ છે. ત્યારે આજકાલ એક મહિલા જે પોતાના લાંબા વાળને કારણે ચર્ચામાં છે.

**ચૂંટણી પૂરી થતાં જ ફરી ગેસ સિલિન્ડર મોંઘું**

## કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૨૧ રૂપિયાનો વધારો

**૧૯ કિલોના સિલિન્ડર માટે તમારે આજથી દિલ્હીમાં ૧૭૯૬.૫૦ રૂપિયા ચૂકવવા પડશે**

। નવી દિલ્હી, તા.૧ ।

પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા ૩૦ નવેમ્બરની સાંજે પૂર્ણ થઈ હતી. આ સાથે ૧ ડિસેમ્બરથી એલપીજી ગેસ સિલિન્ડર મોંઘું થઈ ગયું છે. ભાવમાં આ વધારો આજથી કોમર્શિયલ સિલિન્ડરના દરમાં કરવામાં આવ્યો છે. ઓઈલ કંપનીઓએ નવેમ્બર બાદ ફરી એકવાર ગેસ સિલિન્ડરની કિંમતમાં વધારો કર્યો છે. રાજધાની દિલ્હીમાં ગેસ સિલિન્ડરના ભાવમાં ૨૧ રૂપિયાનો વધારો કરવામાં



આવ્યો છે. આ સાથે અહીં સિલિન્ડરનો ભાવ વધીને ૧૭૯૬.૫૦ રૂપિયા થઈ ગયો છે. ૩૦ નવેમ્બર સુધી ૧૯ કિલોનું સિલિન્ડર ૧૭૭૫ રૂપિયામાં મળતું હતું. કોમર્શિયલ સિલિન્ડરના નવા દર ૧ ડિસેમ્બરથી લાગુ કરવામાં આવ્યા છે. ૧૯ કિલોના સિલિન્ડર માટે તમારે આજથી દિલ્હીમાં ૧૭૯૬.૫૦ રૂપિયા ચૂકવવા પડશે. એ જ રીતે, કોલકાતામાં તમારે ૧૮૮૫.૫૦ રૂપિયાના બદલે ૧૯૦૮ રૂપિયા ચૂકવવા પડશે, મુંબઈમાં તમારે ૧૭૨૮ રૂપિયાને બદલે ૧૭૪૯ રૂપિયા ચૂકવવા પડશે. ચેન્નાઈમાં આ કિંમત વધીને ૧૯૬૮.૫૦ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે પહેલા અહીં સિલિન્ડર ૧૯૪૨ રૂપિયામાં મળતું હતું.

**સૌથી મોટી પાર્ટી બનીને પણ સરકાર બનાવવી મુશ્કેલ**

## તેલંગાણામાં કોંગ્રેસના સપના પર પાણી ફેરવી શકે છે ઓવૈસી

**તેલંગાણાની ૧૧૯ વિધાનસભા સીટો પર ગુરુવારે મતદાન પૂર્ણ થયા, જેની તરત બાદ પાંચ રાજ્યો માટે એક્ઝિટ પોલ ઘોષિત કરવામાં આવ્યા**

। નવી દિલ્હી, તા.૩૦ ।

તેલંગાણા ચૂંટણીમાં કોંગ્રેસનું શાનદાર પ્રદર્શન દેખાઈ રહ્યું છે. એક્ઝિટ પોલના અનુમાનના હિસાબથી કોંગ્રેસ અહીં સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરતી દેખાઈ રહી છે. એટલે કે રાજ્યની હાલની સત્તાધારી પાર્ટી બીઆરએસને ઝટકો લાગી શકે છે. પણ અસદુદ્દીન ઓવૈસીની ઓલ ઈંડિયા મજલિસ એ ઈત્તેહાદુલ મુસ્લિમીન પાર્ટી કોંગ્રેસ માટે મુસીબત ઊભી કરી શકે છે. તેલંગાણાની ૧૧૯ વિધાનસભા સીટો પર ગુરુવારે મતદાન પૂર્ણ થયા, જેની તરત બાદ પાંચ રાજ્યો માટે એક્ઝિટ પોલ ઘોષિત કરવામાં આવ્યા. ૭ નવેમ્બરથી ૩૦ નવેમ્બરની વચ્ચે મિઝોરમ,



છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને તેલંગાણામાં મતદાન થયા હતા. ત્યાર બાદ આજે તેલંગાણામાં વોટિંગ ખતમ થતાં આ રાજ્યોના એક્ઝિટ પોલ જાહેર કરવામાં આવ્યા છે. PolStratના એક્ઝિટ પોલના અનુમાનમાં કોંગ્રેસને ૪૯-૫૬, બીઆરએસને ૪૮-૫૮ અને ભાજપને ૫-૧૦ સીટ મળતી દેખાઈ રહી છે.

**તિબેટ-ચીન વિવાદ ઉકેલવા સંસદીય સમિતિનો નિર્ણય**

## તિબેટ-ચીનના સમાધાન માટેના યુએસના પ્રયાસના બિલને મંજૂરી

। વોશિંગ્ટન, તા.૧ ।

સંસદીય સમિતિએ લાંબા સમયથી ચાલતા તિબેટ-ચીન વિવાદને ઉકેલવાનો નિર્યણ લીધો છે. આ સમિતિએ દલાઈલામાના દૂતો સાથે વાતચીત કરીને ચીન પર દબાણ કરવાના અમેરિકાના પ્રયત્નોને મજબુત કરતા બિલને મંજુરી આપી છે.


હાઉસ ફોરેન અફેર્સ કમિટીએ સર્વસંમતિથી બિલ પાસ કર્યું. જેમાં ચીનનો દાવો છે કે તિબેટ પ્રાચીન સમયથી ચીનનો હિસ્સો છે તે પણ ખોટો હોવાનું કહેવાય છે. હાઉસ ફોરેન અફેર્સ કમિટીના ચેરમેન માઈકલ મેકકોલે કહ્યું કે આ બિલ ચાઈનીઝ કમ્યુનિસ્ટ પાર્ટી (સીસીપી) અને તિબેટના લોકતાંત્રિક રીતે ચૂંટાયેલા નેતાઓ વચ્ચે વાતચીતની જરૂરિયાત પર ભાર મૂકે છે. કોઈપણ મુદ્દાની વાત આવે ત્યારે તિબેટીયન લોકોની વાત પણ સાંભળવી જોઈએ. આ બિલ ગયા વર્ષે સંસદીય સમિતિના સભ્યો જીમ મેકગવર્ન, માઈકલ મેકકોલ, તેમજ સેનેટર્સ જેફ મર્કલે અને ટોડ યંગ દ્વારા રજૂ કરાયેલ કાયદાનું અપડેટ વર્ઝન છે.

**ઝારખંડના બીજેપી નેતાઓને મળ્યા બાદ ચર્ચાઓએ જોર પકડ્યું**

## ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની રાજકારણમાં આવશે?

। નવી દિલ્હી, તા.૧ ।

શું ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની રાજકારણમાં પ્રવેશ કરશે? વાસ્તવમાં, એમએસ ધોનીની એક તસવીર સામે આવી છે, જેના પછી તેના વિશે ઘણી ચર્ચા થઈ રહી છે. આ તસવીરમાં ધોની ઝારખંડ ભાજપના નેતાઓ સાથે જોવા મળી રહ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે ધોની રાંચી એરપોર્ટથી મુંબઈ જવા રવાના થઈ રહ્યો હતો. એરપોર્ટના વીઆઈપી



લોન્જમાં જ ધોની બીજેપીના નેતાઓને મળ્યો જેઓ ત્યાં ગૃહમંત્રી અમિત શાહને મળવા આવ્યા હતા. ધોની સાથેની મુલાકાત દરમિયાન બીજેપી નેતાઓએ માત્ર તેની સાથે વાત કરી ન હતી પરંતુ તેની તસવીરો પણ ક્લિક કરી હતી. એરપોર્ટ પર ધોનીને જોઈને ભાજપના નેતાઓ પોતાને રોકી શક્યા નહોતા અને એક પછી એક તમામ નેતાઓ ધોનીને મળ્યા હતા. બેઠક દરમિયાન કાંકેના ધારાસભ્ય સમરીલાલે તેમની સાથેની ઘણી જૂની યાદો તાજી કરી. ધારાસભ્ય સમરીલાલે કહ્યું કે તેણે ધોનીને તેની જૂની યાદો તાજી કરાવી. જેમાં તેણે જણાવ્યું કે તે ક્યારેક રિમ્સ પાસે મેચ રમવા આવતો હતો.





સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

# અમદાવાદમાં ૧૫૩ કરોડમાં વેચાયો ૪૫૦૦ વારનો પ્લોટ

## એસજી હાઈવે પર ઈસ્કોન ક્રોસ રોડથી ફક્ત ૭૦૦ મીટર દૂર રહેલા ૪,૫૦૦ સ્કવેર યાર્ડનો આ પ્લોટનો સોદો રેકોર્ડ કિંમતે થયો છે

। અમદાવાદ, તા.૧ ।

અમદાવાદમાં રિયલ એસ્ટેટના ભાવ આકાશને આંબી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. તાજેતરમાં એવા કેટલાક સોદા થયા છે જેના કારણે અમદાવાદના રિયલ એસ્ટેટમાં ભારે ચર્ચા જાગી છે. દિવાળી પહેલા જ અમદાવાદમાં આંબલી-બોપલ રોડ પર આવેલી એક સોસાયટીનો સોદો ૩૦૦ કરોડ રૂપિયામાં થયો હોવાના અહેવાલ હતા ત્યારે હવે આવે જ એક બીજો મોંઘો સોદો થયો છે. જોકે આ વખતે કોઈ સોસાયટી નહીં પરંતુ એક પ્લોટનો સોદો છે જેણે અગાઉના તમામ રેકોર્ડ્સ તોડી નાંખ્યા છે. અમદાવાદ મિરર અખબારના અહેવાલ પ્રમાણે અમદાવાદના એસજી હાઈવે પર ઈસ્કોન ક્રોસ રોડથી ફક્ત ૭૦૦ મીટર દૂર રહેલા ૪,૫૦૦ સ્ક્વેર યાર્ડનો આ પ્લોટનો સોદો રેકોર્ડ કિંમતે થયો છે. આ પ્લોટ માટે ૩.૪ લાખ પર સ્ક્વેર યાર્ડ મુજબ સોદો થયો છે જેની કુલ કિંમત ૧૫૩ કરોડ રૂપિયા થાય છે. એટલે કે ૪,૫૦૦ સ્ક્વેર યાર્ડનો સોદો ૧૫૩ કરોડ રૂપિયાની જંગી કિંમતે થયો છે. રિયલ્ટી નિષ્ણાતો આને ગુજરાતના ઈતિહાસમાં સૌથી મોંઘો જમીન સોદો ગણાવી રહ્યા છે. હવે આને અલગ પરિપ્રેક્ષ્યમાં જોઈ તો જીય હાઈવે પર સિંધુ ભવન રોડ પાસે ૨૦૨૧માં એક પ્લોટ ૨.૭૫ લાખ રૂપિયા પ્રતિ ચોરસ યાર્ડમાં વેચાયો હતો. જોકે, હવે આ નવા સોદાએ આ રેકોર્ડને તોડી નાંખ્યો છે. જોકે, તાજેતરમાં આંબલી-બોપલ રોડ પર સાત મહિના અગાઉ બે પ્લોટ અંદાજીત ૩ લાખ પ્રતિ સ્ક્વેર યાર્ડમાં વેચાયા હતા પરંતુ આ પ્લોટ તેનાથી પણ મોંઘા ભાવે વેચાયો છે. સૂત્રોએ જણાવ્યું છે કે વેરહાઉસિંગમાં વિશેષતા ધરાવતા ડેવલપરે બે પહોળા રસ્તાઓથી ઘેરાયેલી આ વ્યૂહાત્મક રીતે સ્થિત જમીનને પોતાના નામે કરી લીધી છે. આ પ્લોટ પર હવે હાઈ-રાઈઝ કોમર્શિયલ પ્રોજેક્ટ બનાવવાની યોજના છે. જેમાં પ્રીમિયમ ઓફિસ સ્પેસ અને ગ્રાઉન્ડ તથા ફર્સ્ટ ફ્લોર પર રિટેલ એરિયા હશે. આ સોદો હાલમાં 'એગ્રીમેન્ટ ટુ સેલ' તબક્કામાં છે પરંતુ જરૂરી દસ્તાવેજો સાથે તે ટૂંક સમયમાં જ પૂરો થઈ જશે. કુશમેન અને વેકફિલ્ડ ખાતે ડાયરેક્ટર અને ટ્રાન્ઝેક્શન હેડ જીગર મોતાએ જણાવ્યું છે કે, "કોરોના પછીના એસજી હાઈવે અને તેમાં પણ ખાસ કરીને ઈસ્કોન સર્કલની આસપાસ પ્લોટની કિંમતો પ્રતિ સ્ક્વેર યાર્ડ ૨ લાખ રૂપિયાથી વધી રહી છે જેનું કારણ વધી રહેલી માંગ છે." તેમણે તે પણ ધ્યાન દોર્યું હતું કે, આ વિસ્તારમાં જમીનના આટલા ઊંચા ભાવ જોતાં અહીં હાઈ-એન્ડ કોમર્શિયલ પ્રોજેક્ટ સૌથી વધુ શક્ય વિકલ્પ છે. હાલમાં ક્વોલિટી ઓફિસ સ્પેસની ઘણી માંગ છે. જોકે, નિષ્ણાતો આ વેચાણને વિસ્તારના પ્રોપર્ટી રેટ માટે સામાન્ય માપદંડ તરીકે જોવા સામે સાવચેતી રાખે છે. ક્રેડાઈ અમદાવાદના પ્રમુખ ધ્રુવ પટેલે જણાવ્યું છે કે, જમીનની કિંમતો સ્થાન અને રસ્તાની પહોળાઈ જેવા ચોક્કસ પરિબળો પર આધારિત છે. તેથી તે વિસ્તારમાં અન્ય પ્લોટ તેની વિશેષતાઓના આધારે આટલી જ કિંમત મેળવી શકે તેવું જરૂરી નથી. તેમ છતાં ધ્રુવ પટેલે કહ્યું હતું કે એસજી હાઈવે પર ઓફિસની જગ્યાની માંગ ખરેખર વધારે છે.

## ન્યૂઝ બ્રિફ

### ગુજરાતના આઈપીએસ આર.ટી. સુસરાનાં પત્નીની આત્મહત્યા

। અમદાવાદ, તા.૧ ।

ગુજરાતના IPS અધિકારીની પત્નીએ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. અમદાવાદના થલતેજ વિસ્તારમાં રહેતા IPS અધિકારી રાજન સુસરાના પત્નીએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. રાજન સુસરાના પત્નીએ તેમના થલતેજ નિવાસ સ્થાને જ ગળે ફાંસો ખાઈને આપઘાત કરીને જીવન ટૂંકાવ્યું છે. વિગતો મુજબ અમદાવાદના થલતેજ ખાતે રહેતા IPS આર.ટી.સુસરાના પત્ની સાલુબેને આપઘાત કરી લીધો છે. બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા છે અને તપાસ હાથ ધરી છે. ઘટનાને લઈને પોલીસ બેડામાં હડકંપ મચી જવા પામ્યો છે. રાજન સુસરા વલસાડ મરીન સિક્યોરિટીમાં એસીપી તરીક ફરજ બજાવે છે. જોકે, આપઘાત પાછળનું કારણ જાણી શકાયું નથી. હાલ તપાસ શરૂ કરાઈ છે. હજી એક મહિના પહેલા જ લગ્નની ૩૧ મી વર્ષગાંઠ ઉજવ્યા બાદ હવે તેમણે અચાનક જીવન ટૂંકાવી લીધું છે. આ તરફ હજી સુધી આપઘાતનું કોઈ કારણ સામે આવ્યું નથી. ઘટનાને લઈ બોડકદેવ પોલીસ સહિતના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા છે. પત્નીના આપઘાત કેસમાં આઈપીએસ રાજન સુસરાની પણ તપાસ કરાશે.

### ઓલા ઇલેક્ટ્રિક બાઇક ઓનલાઈન ખરીદવા જતા ૧.૪૧ લાખ ગુમાવ્યા

। આણંદ, તા.૧ ।

રાજ્યમાં ફરી એકવાર છેતરપિંડીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. વાત જાણે છે કે, આણંદમાં ૪ લોકો ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યા છે. વિગતો મુજબ ઓનલાઈન સ્કૂટર ખરીદવા જતા અને ઓતો કંપનીમાં નોકરી આપવાને અલગ-અલગ ૪ ઓનલાઈન છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. આ ફરિયાદો મુજબ ગઠિયાઓએ વિવિધ બહાને ચાર લોકો પાસેથી ૩.૨૦ લાખ પડાવી લીધા હતા. આણંદ જિલ્લામાં ૩ દિવસમાં છેતરપિંડીની કુલ ૩૪ ફરિયાદો નોંધાઈ હોવાનું સામે આવતા ચકચાર મચી ગઈ છે. વિગતો મુજબ આણંદમાં ૪ લોકો બન્યા ઓનલાઈન છેતરપિંડીનો શિકાર બન્યા છે. જેમાં એક કેસમાં ઓનલાઈન ઈલેક્ટ્રિક સ્કૂટર ખરીદવા જતાં ૧.૪૧ લાખ ગુમાવ્યા તો ઉમલાવના યુવક સાથે ઓનલાઈન બાઈક ખરીદવાને લઈ લાખોની છેતરપિંડી થઈ હતી.



એએમસી દ્વારા સાબરમતી રીવરફ્રન્ટના સાઈડની એન્ગલને કલર કરવામાં આવી રહેલ છે.

### ખેડામાં સીરપ કાંડ બાદ જાગી રાજ્યની પોલીસ

# મહેસાણા, અમરેલી અને મોરબીથી નશીલી સીરપ જપ્ત કરવામાં આવી

## એસઓજી પોલીસની ટીમે બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી સીરપ સાથે એક વ્યક્તિની ધરપકડ કરી હતી

। ગાંધીનગર, તા.૧ ।

ખેડામાં સીરપ કાંડ બાદ રાજ્યની પોલીસ સફાળી જાગી હતી. રાજ્યના અનેક શહેરોમાં પોલીસ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. મહેસાણામાંથી નશીલી સીરપનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. ખેડામાં બનેલી ઘટના બાદ મહેસાણા જિલ્લા પોલીસ એકશન એક્શનમાં આવી હતી. એસ.ઓ.જી પોલીસની ટીમે બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી સીરપ સાથે એક વ્યક્તિની ધરપકડ કરી હતી. ગુજરાત ડેરી નામના પાર્લરમાં થી નશીલી સીરપનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે ૨૩૧૩ બોટર સીરપનો જથ્થો જપ્ત કર્યો હતો જેની કિંમત ૩,૪૬,૯૫૦ રૂપિયા થાય છે. મહેસાણા પોલીસે વિવિધ પાર્લર પર દરોડા પાડી નશીલી સીરપનો જથ્થો જપ્ત કર્યો હતો. તે સિવાય સીરપ મામલે મોરબી તાલુકા પોલીસની કાર્યવાહી કરી હતી. મોરબીના પીપળી રોડ પર ઓમ કોમ્પલેક્ષમાં દરોડા પાડ્યા હતા. શિવ કિરાણા સ્ટોરમાંથી આયુર્વેદિક સીરપ જપ્ત કરવામાં આવી હતી. પોલીસે ૮૦ બોટલ આયુર્વેદિક સિરપનો જથ્થો જપ્ત કર્યો હતો.

### થઈ શકે છે ઘાતક બીમારી

## બાળક સૌથી પહેલા કફ સાથે ઉધરસ, તાવ, શરદી થાય છે

। અમદાવાદ, તા.૧ ।

હાલ ચીનમાં ફેલાયેલો ન્યુમોનિયાના લક્ષણો ધરાવતો નવો વાયરલ વાયરસ દુનિયાની ચિંતાનું કારણ બન્યો છે. અત્યાર સુધીમાં આ રોગની ઝપેટમાં લગભગ હજારો બાળકો આવી ચૂક્યા છે. ત્યારે આ નવો વાયરસ કેવી રીતે ફેલાય છે, તેના લક્ષણો શું છે અને આ વાયરસ કોવિડની જેમ જીવલેણ બની શકે કે કેમ? તે વિશે સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટે વિગતવાર માહિતી આપી હતી. આ નવો વાયરસ ચીનના ઉત્તર પ્રાંતમાં આવેલા બેઈજિંગ અને લિયાઓનિંગથી ફેલાયો છે.આ ફેલાતા વાયરસની સૌથી વધુ અસર નાના બાળકોને થઈ રહી છે. જેમાં ન્યુમોનિયાની અસર જોવા મળે છે. ત્યારબાદ આ બીમારી ગંભીર બનતી જાય છે. જેના લીધે બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ પડે છે. કેન્દ્ર સરકાર, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સૌપ્રથમ બાળકને કફ સાથે ઉધરસ, તાવ, શરદી થાય છે. અને ત્યારબાદ આ વાયરસ ન્યુમોનિયામાં ફેરવાઈ બાળકોને ગંભીર રીતે અસર કરે છે. જેમાં શ્વાસ લેવામાં તકલીફ પડવી, ખાંસી વગરનો તાવ આવવો, ફેફસામાં સોજો આવવો, છાતીમાં દુખાવો, થાક લાગવો, શરીરનું તાપમાન વધી જવું, ફેફસાંમાં ગાંઠ બની જવી મહત્વના લક્ષણો છે.

# બોર કેન્સરના કોષ સામે લડશે, શરદી-ખાંસીમાં આપશે રાહત

## શિયાળાની ઋતુમાં એવા ફળ ખાવા જોઈએ, જે શરીરને ગરમી પ્રદાન કરે, આવા ખોરાકથી શિયાળામાં બીમારીથી બચી શકાય છે

। અમદાવાદ, તા.૧ ।

શિયાળાની શરૂઆત થઈ ગઈ છે. હવે ખેતરમાં બોરડીના ઝાડ પણ બોર ઉગવાનું શરૂ થઈ જશે. ગુલાબના ફૂલની જેમ બોર તોડતી વખતે પણ કાંટા વાગે છે અને લોહી નીકળે છે. પરંતુ તેમ છતાં એનો સ્વાદ એટલો મીઠો હોય છે કે, લોકો તેને તોડ્યા વગર રહી શકતા નથી. જોકે તેઓ જાણતા નથી હોતા કે આ બોર સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. શિયાળો પૂરો થતાંની સાથે જ તેઓ ફરીથી અદશ્ય થઈ જાય છે. ઘેટાં અને બકરાં આ ઝાડનાં પાન ખાય છે. આ પ્રાણીઓ માટે આ ૫ ંદડા ખૂબ જ ફાયદાકારક છે. બોરના પાંદડાઓને રાજસ્થાની ભાષામાં પાલો પણ કહેવામાં આવે છે. આયુર્વેદિક ડૉક્ટર અમિત ગેહલોતના જણાવ્યાનુસાર, બોર ખાવાના ઘણા ફાયદા છે. બોરની તાસિર ગરમ હોય છે. તેથી તેને શિયાળામાં ખાવામાં આવે છે. તેનું સેવન કરવાથી પાચન શક્તિ મજબૂત બને છે. તેનાથી શરીરમાં ગરમી જળવાઈ રહે છે, જે શરદી અને ખાંસીમાં રાહત આપે છે. રોગપ્રતિકારક શક્તિ પણ વધારતા બોર કેન્સરના કોષો સામે લડવામાં પણ મદદરૂપ થાય છે. તેનું સેવન કરવાથી ઊંઘ સારી રીતે આવે છે. આ ઉપરાંત, બોરમાં વિવિપોલિફેનોલ્સ, પોલિસેકેરાઈડ્સ, ન્યુક્લિયોટાઈડ્સ, એમિનો એસિડ્સ, ડાયેટરી ફાઈબર, ફેટી એસિડ્સ, આલ્કલોઈડ્સ જૈવ સક્રિય પદાર્થો હોય છે, જેની શરીરને જરૂર હોય છે. ડૉ. અમિત ગેહલોતે વધુમાં જણાવે છે કે, બોરમાં કેલરી ઓછી હોય છે, પરંતુ તેમાં ફાઈબર, વિટામિન્સ અને મિનરલ્સ પુષ્કળ પ્રમાણમાં હોય છે. ઉચ્ચ ફાઈબર અને ઓછી કેલરી હોવાને કારણે બોર સ્વાસ્થ્ય માટે ફાયદાકારક ફળ છે.

### અમુક બીમારીમાં દૂધનું સેવન કરવાની મનાઈ છે

। અમદાવાદ, તા.૧ ।

દૂધને એક સંપૂર્ણ આહાર માનવામાં આવે છે, જે બાળકો, યુવાનો અને વૃદ્ધોના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. દૂધનું સેવન આપણા હાડકાં, દાંત અને સ્નાયુઓ માટે મહત્વપૂર્ણ છે. દૂધમાં રહેલા પોષક તત્વો વિશે વાત કરીએ તો તેમાં કેલ્શિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફરસ, પોટેશિયમ, સેલેનિયમ, ઝિંક, વિટામિન ડી, પ્રોટીન, વિટામિન બી૧૨ અને ઝિંક મુખ્યત્વે હોય છે જે સારા સ્વાસ્થ્ય માટે જરૂરી છે. દૂધ પીવાથી અગણિત સ્વાસ્થ્ય લાભ થાય છે. દૂધના સેવનથી બ્લડપ્રેશરના દર્દીઓને ફાયદો થાય છે. જો રાત્રે સૂતા પહેલા દૂધનું સેવન કરવામાં આવે તો રાત્રે શાંત ઊંઘ આવે છે. ત્વચા અને વાળ માટે દૂધ ખૂબ જ જરૂરી છે. નિયમિત દૂધ પીવાથી શરીરનો થાક અને નબળાઈ દૂર થાય છે. પરંતુ કેટલાક લોકો દૂધ સહન કરી શકતા નથી.

**વિશેષ** આરોગ્ય મેળા અંતર્ગત હાયપરટેન્શન, ડાયાબિટીસ, ટી.બી.જેવા રોગો માટે અંદાજીત ૨૧૦ લોકોની આરોગ્ય તપાસ કરવામાં આવી

# ઉત્તર પશ્ચિમ ઝોનના ચાંદલોડિયા વોર્ડ ખાતે ધારાસભ્ય ડો. હર્ષદભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ યોજાયો

## ચાંદલોડિયા વોર્ડ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની વિગતો અને લાભો લોકો સુધી પહોંચાડવામાં આવ્યાં






ભારત સરકાર તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણ દ્વારા છેવાડાના, નબળા વર્ગના તથા પાત્રતા ધરાવતા લાભાર્થીઓ સુધી વિવિધ યોજનાઓના લાભો પહોંચાડવા માટે માટે રાજ્ય સરકાર દ્વારા પૂરતા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ તમામ પ્રજાલક્ષી યોજનાઓનો વ્યાપ નાગરિકો સુધી પહોંચાડવા અને જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ સાથે ૨૮ નવેમ્બર, ૨૦૨૩થી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં દરેક વોર્ડમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં સરકારશ્રીની ૧૭ જેટલી યોજનાઓ અંગે પ્રચાર પ્રસાર તથા લાભાર્થીઓને લાભ આપવાની કામગીરી કરવામાં આવે છે.

સાબરમતીના ધારાસભ્યશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલની ઉપસ્થિતિમાં ચાંદલોડિયા વોર્ડ ઓફિસ પાસે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય શ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વિકસિત ભારત રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા અંદાજીત ૬૫૦ જેટલા નગરજનોને વિકસિત ભારત સંકલ્પ શપથ લેવડાવવામાં આવ્યા હતા.

'મેરી કહાની, મેરી જુબાની' અંતર્ગત વિવિધ યોજનાઓના લાભાર્થીઓએ પોતે મેળવેલ યોજનાઓના લાભ વિશે તેમના અનુભવો જણાવ્યા હતી. આ ઉપરાંત, કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૧૦ જેટલા લોકોની હાયપરટેન્શન, ડાયાબિટીસ, ટી.બી.જેવા રોગો માટે આરોગ્ય તપાસ કરવામાં આવી હતી.

કાર્યક્રમ અંતર્ગત પાત્રતા ધરાવતા લાભાર્થીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પી.એમ. સ્વનિધિ યોજના, જનની સુરક્ષા યોજના, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના (અર્બન), પી.એમ. ઉજ્જ્વલા યોજના, સ્વચ્છ ભારત અભિયાન (અર્બન) જેવી વિવિધ યોજનાઓના લાભો/યોજનાકીય માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ચાંદલોડિયા વોર્ડના તમામ કાઉન્સીલરશ્રીઓ, અન્ય ઝોન/વોર્ડના કાઉન્સીલરશ્રીઓ, અ.મ્યુ.કો. ઉત્તર પશ્ચિમ ઝોનના માન. ડે.મ્યુનિ. કમિશનરશ્રી, આસી. મ્યુનિ. કમિશનરશ્રીઓ તેમજ અ.મ્યુ.કો.ના જુદાજુદા વિભાગોના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

**ન્યૂઝ બ્રિફ**

## બેંગલુરૂની ૪૫ શાળાને બોમ્બથી ઊડાડવાની ધમકી



। બેંગલુરૂ, તા.૧ ।

ભારતમાં આઈટી સેક્ટરના હબ ગણાતા બેંગલુરુ શહેરમાં એક-બે નહીં પણ ૪૫ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતા ઈમેઈલ મળ્યા હતા જેના કારણે આજે પોલીસ દોડતી થઈ ગઈ છે. પોલીસે તમામ શાળાઓમાં જઈને બાળકો અને સ્ટાફને બહાર કાઢ્યા હતા અને ત્યાર પછી શાળામાં વિસ્ફોટકોની તપાસ કરી હતી. પરંતુ સદનસીબે હજુ સુધી કોઈ વાંધાજનક પદાર્થ મળ્યો નથી. એક સાથે ૪૫ શાળાઓને ઈમેઈલ દ્વારા બોમ્બની ધમકી આપવાનો અર્થ એ થયો કે કોઈએ દહેશત ફેલાવવા માટે મોટા પાયે કાવતરું ઘડ્યું છે. બેંગલુરુના પોલીસ કમિશ્નર બી દયાનંદે જણાવ્યું કે ઘણી એન્ટી-સબોજેટ ટીમને તપાસ કરવા માટે સ્કૂલોમાં મોકલવામાં આવી છે. તેમને કોઈ વાંધાજનક ચીજ મળી નથી. અત્યારે એવું લાગે છે કે માત્ર ગભરાટ ફેલાવવા બોગસ મેસેજ કરાયો છે. અમે ટૂંક સમયમાં આખું સર્ચ ઓપરેશન પૂરું કરીશું. મારી પેરન્ટ્સને વિનંતી છે કે તેમણે ગભરાવાની જરૂર નથી. તેમણે જણાવ્યું કે ગયા વર્ષે પણ કેટલાક તોફાની તત્ત્વોએ શહેરની ઘણી શાળાઓને આ રીતે મેસેજ કર્યા હતા. કેટલીક શાળાઓએ પોતાના વિદ્યાર્થીઓને નજીકના ખુલ્લા મેદાનમાં મોકલી દીધા હતા જ્યારે બીજી કેટલીક શાળાઓએ વાલીઓને બોલાવીને બાળકોને ઘરે મોકલી દીધા હતા. આ પ્રકારના ધમકીભર્યા મેસેજના કારણે બેંગલુરુની ૪૦થી વધુ શાળાઓમાં દહેશત અને અંધાધૂંધીનો માહોલ છવાઈ ગયો હતો. શાળાઓના સ્ટાફને મેઈલ મળ્યો હતો કે તમારી શાળામાં વિસ્ફોટકો ગોઠવવામાં આવ્યા છે અને ગમે ત્યારે બ્લાસ્ટ થઈ શકે છે. કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી કે શિવાકુમારે બેંગલુરુમાં એક શાળાની મુલાકાત લીધી હતી અને પરિસ્થિતિ જાણી હતી. તેમણે કહ્યું કે ટીવી પર આ સમાચાર જોયા પછી મને ચિંતા થઈ હતી. મારા ઘરની નજીકની એક શાળાનું પણ તેમાં નામ હતું. પોલીસે મને ઈમેઈલ દેખાડ્યો છે જેમાં આ ધમકી આપવામાં આવી હતી. મેં પોલીસ સાથે વાત કરી છે, પરંતુ આપણે સાવધાન રહેવાની જરૂર છે.



સિંગાપોરમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૩ના પૂર્વે સિંગાપોરના વેપાર અને ઉદ્યોગમંત્રી ગાન કિમ યોંગ સાથેની બેઠક દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ.

### ચેમ્પિયન બન્યા બાદ માર્શે ટ્રોફી પર પગ મૂક્યો હતો

# ટ્રોફી પર પગ મૂકવાનો કોઈ અફસોસ નથી, ફરી આવું કરી શકું છું : માર્શ

### માર્શે કહ્યું કે આ રીતે ટ્રોફી પર પગ મૂકવું એ અપમાનજનક ન કહેવાય, તેને ભારતીય ક્રિકેટ ફેન્સની કોઈ પરવા નથી

। સિડની, તા.૧ ।

તાજેતરમાં વર્લ્ડકપની ફાઈનલમાં ભારતનો ઓસ્ટ્રેલિયા સામે પરાજય થયો ત્યારે ઘણા ભારતીયોને લાગી આવ્યું હતું. પરંતુ બીજા દિવસે જ્યારે ઓસ્ટ્રેલિયન ખેલાડીઓનો વર્લ્ડકપની ટ્રોફી પર પગ રાખેલો ફોટો વાઈરલ થયો ત્યારે ભારતીયોને વધારે દુખ થયું હતું. ઓસ્ટ્રેલિયાના બેટ્સમેન મિશેલ માર્શે વર્લ્ડકપની ટ્રોફીનું



અપમાન કર્યું છે તેવી લાગણી ભારતીયોએ વ્યક્ત કરી હતી. જોકે, ઓસ્ટ્રેલિયાને ટ્રોફી સાથે એવું કોઈ ઈમોશનલ બંધન નથી તે સાબિત થઈ ગયું છે. ભારતીયોએ આટલી બધી ટીકા કરી હોવા છતાં માર્શનું કહેવું છે કે 'તેને કોઈ અફસોસ નથી'. તેણે એમ પણ કહ્યું છે કે તે 'આવું ફરીથી કરી શકે છે'. ઓસ્ટ્રેલિયાના ઓલરાઉન્ડર મિશેલ માર્શે શુક્રવારે જણાવ્યું કે તેને આવું વિવાદાસ્પદ વર્તન બીજી વખત કરવામાં કોઈ વાંધો નથી. તેણે એમ પણ કહ્યું કે આ રીતે ટ્રોફી પર પગ મૂકવું એ અપમાનજનક ન કહેવાય. ભારતીય ક્રિકેટ ફેન તેના વર્તનથી બહુ નારાજ છે.

### કોંગ્રેસના નેતા એર્નાકુલમની મુલાકાતે

# દેશમાં ૧૦ વર્ષમાં ૫૦ ટકા મહિલા મુખ્યમંત્રીનું કોંગ્રેસનું લક્ષ્ય : રાહુલ

### કોંગ્રેસ પાર્ટીમાં ઘણી મહિલાઓ છે, જેઓ શ્રેષ્ઠ મુખ્યમંત્રી બની શકે છે : કોંગ્રેસ નેતાનો દાવો

। એર્નાકુલમ, તા.૧ ।

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી એર્નાકુલમની મુલાકાતે છે. રાહુલે અહીં 'ઉત્સાહ' મહિલા કોંગ્રેસ દ્વારા આયોજીત સંમેલન ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે સત્તામાં મહિલાઓનો અભાવ હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

તેમણે કહ્યું કે, આજે આપણી પાસે મહિલા મુખ્યમંત્રીઓનો અભાવ છે. આપણી પાસે આગામી ૧૦ વર્ષમાં ૫૦ ટકા મુખ્યમંત્રી હોય, તે કોંગ્રેસ માટે સારું



લક્ષ્ય હશે. આપણી પાસે ઘણી ઓછી મહિલા મુખ્યમંત્રીઓ છે. કોંગ્રેસ પાર્ટીમાં ઘણી મહિલાઓ છે, જેઓ એક શ્રેષ્ઠ મુખ્યમંત્રી બની શકે છે. રાહુલે કહ્યું કે, હવે આપણું કામ કોંગ્રેસના તમામ સ્તરે વધુમાં વધુ મહિલાઓની ભાગીદારી હોય, તે સુનિશ્ચિત કરવાનું છે.

# ચેતેશ્વર પૂજારા-અજિંક્ય રહાણેની કારકિર્દી પર પૂર્ણવિરામના સંકેત

### ટીર૦ના સુકાની બનાવાયા છતાં પણ સુર્યકુમારને વન-ડે ટીમમાં સ્થાન ન આપીને બોર્ડે ચેતવણી આપવામાં આવી

। નવી દિલ્હી, તા.૧ ।

ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા બાદ સાઉથ આફ્રિકાના પ્રવાસે જનાર છે ત્યારે બીસીસીઆઈએ સાઉથ આફ્રિકાના પ્રવાસ માટે ભારતીય ટીમની જાહેરાત કરી છે જેમાં ટેસ્ટ ટીમમાંથી અનુભવી બેટર પૂજારા અને રહાણેની બાદબાકી કરવામાં આવી છે.

બંને ખેલાડીઓ ટીમમાંથી ડ્રોપ થતાં હવે તેના કેરિયર પર પૂર્ણવિરામ લાગી શકે છે. આ ઉપરાંત સૂર્યાને પણ વોર્નિંગ



આપવામાં આવી છે. ભારતીય ટીમ સાઉથ આફ્રિકામાં ૩ ટી૨૦, ૩ વન-ડેને ૨ મેચની ટેસ્ટ સીરિઝ રમવાની છે જે માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)એ ત્રણેય ફોર્મેટ માટે ટીમની જાહેરાત કરી દીધી છે.

બીસીસીઆઈએ આ પ્રવાસમાં ત્રણેય ફોર્મેટમાં અલગ-અલગ કેપ્ટનની પસંદગી કરી છે જેમાં કેએલ રાહુલ ત્રણ મેચની વનડે શ્રેણીમાં ટીમની કમાન સંભાળશે જ્યારે રોહિત શર્માને ટેસ્ટમાં અને સૂર્યકુમાર યાદવને ટી-૨૦ સિરીઝમાં કેપ્ટનશિપની જવાબદારી મળી છે. આ પ્રવાસ માટે ટેસ્ટ ટીમમાંથી બે અનુભવી બેટર ચેતેશ્વર પૂજારા અને અજિંક્ય રહાણેને ડ્રોપ કરવામાં આવ્યા છે ત્યારે લોકો અલગ-અલગ પ્રતિક્રિયા આપી રહ્યા છે.

## કે.એસ.ભરતને ભારત-એની ટીમનું નેતૃત્વ સોંપવામાં આવ્યું



। નવી દિલ્હી, તા.૧ ।

સાઉથ આફ્રિકા સામે ત્રણેય ફોર્મેટની સીરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. ભારતીય ક્રિકેટ ટીમના વિકેટકીપર બેટ્સમેન કે.એસ. ભરતને ટેસ્ટ સીરીઝ માટે ટીમમાંથી ડ્રોપ કરી દેવામાં આવ્યો હતો. પરંતુ હવે બીસીસીઆઈએ ભરતને ટીમની મોટી જવાબદારી સોપી છે. સાઉથ આફ્રિકાના પ્રવાસમાં માટે ભારતીય ટીમ ત્રણ ટી૨૦, ત્રણ વનડે અને બે ટેસ્ટ મેચ રમાવાની છે.

### રિઝર્વ બેન્કે મેમાં નોટો પરત ખેંચવા નિર્ણય કર્યો હતો

# ૨૦૦૦ની ૯૭ ટકા નોટો બેંકોમાં જમા થઈ, હજુ પણ ૯,૭૬૦ કરોડની નોટો લોકો પાસે

। નવી દિલ્હી, તા.૧ ।

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ૧૯ મે ૨૦૨૩ના રોજ રૂ. ૨,૦૦૦ની નોટ ચલણમાંથી પાછી ખેંચવાનો નિર્ણય કર્યો હતો. આરબીઆઈએ કહ્યું છે કે હજુ પણ ૯,૭૬૦ કરોડ રૂપિયાની ૨,૦૦૦ની નોટો લોકો પાસે છે જ્યારે ૯૭% નોટો બેંકમાં જમા થઈ ગઈ છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેટા અનુસાર જે દિવસે ૨૦૦૦ રૂપિયાની નોટો પાછી



ખેંચવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો તે દિવસે ૨૦૦૦ રૂપિયાની ૩.૫૬ લાખ કરોડ રૂપિયાની નોટો ચલણમાં હતી. લોકોને ૨૦૦૦ રૂપિયાની નોટ બેંકમાં જમા કરાવવા માટે ૩૦મી સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીનો સમય આપવામાં આવ્યો હતો. આરબીઆએ ૨૦૦૦ રૂપિયાની નોટ જમા અને બદલવા માટે સમયમર્યાદા વધારીને ૭ ઓક્ટોબર સુધી કરવામાં આવી હતી. નોટ જમા કરાવવા તેમજ બદલવાની છેલ્લી તારીખના મહિના બાદ પણ હજુ પણ ૨.૭ ટકા નોટો લોકો પાસે છે જે બેંકમાં જમાં કરાવી નથી.

### સીબીએસઈની બોર્ડની પરીક્ષા સંદર્ભે મહત્વનો નિર્ણય

# ૧૦-૧૨માં કોઈને પણ ડિવિઝન કે ડિસ્ટિંક્શન નહીં આપવામાં આવે

। નવી દિલ્હી, તા.૧ ।

સીબીએસઈ ૧૦મા અને ૧૨માના બોર્ડની પરીક્ષા ૨૦૨૪ની ડેટશીટ જાહેર થવાની રાહત જોતા લાખો વિદ્યાર્થીઓ માટે મોટા સમાચાર આવ્યા છે. સીબીએસઈએ ૧૦મા અને ૧૨માની બોર્ડની પરીક્ષાઓમાં કોઈપણ વિદ્યાર્થીને કોઈ ડિવિઝન કે ડિસ્ટિંક્શન નહીં અપાય. સાથે જ ઓવરઓલ ડિવિઝન કે એગ્રીગેટ માર્ક્સ નહીં આપવાનો નિર્ણય કર્યો છે. સીબીએસઈ એક્ઝામ કન્ટ્રોલર





સંયમ ભારદ્વાજે કહ્યું કે કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ ધો.૧૦ અને ૧૨માની બોર્ડની પરીક્ષાઓમાં કોઈ ડિવિઝન કે ડિસ્ટિંક્શન નહીં આપે. તેમણે કહ્યું કે કોઈ ઓવરઓલ ડિવિઝન, ડિસ્ટિંક્શન કે માર્ક્સને એગ્રીગેટ એટલે કે તમામ વિષયોમાં પ્રાપ્ત કુલ માર્ક્સનો યોગ નહીં અપાય. આ ઉપરાંત જો કોઈ સ્ટુડન્ટ્સે પાંચ જ વિષય રજૂ કર્યા કર્યા છે તો એડમિશન માટે ઈન્સ્ટિટ્યૂટ કે એમ્પ્લોયર ફક્ત બેસ્ટ ૫ વિષયોના જ માર્ક્સને જ આધાર માનશે. ભારદ્વાજે કહ્યું કે બોર્ડ માર્ક્સની ટકાવારીની ગણતરી, જાહેરાત કે સૂચના આપતું નથી. તેમણે કહ્યું કે જો હાયર એજ્યુકેશન કે રોજગારી માટે માર્ક્સની ટકાવારીની જરૂર હોય તો ઈન્સ્ટિટ્યૂટ કે નોકરી આપનાર ખુદ માર્ક્સની ગણતરી કરી શકશે.

## સેન્સેક્સમાં ૪૯૩ અને નિફ્ટીમાં ૧૩૪ પોઈન્ટનો ઊછાળો જોવા મળ્યો

। મુંબઈ, તા.૧ ।

શેરબજારનો કારોબાર શુક્રવારે બમ્પર તેજી સાથે સમાપ્ત થયો. બીએસઈ સેન્સેક્સ ૪૯૩ પોઈન્ટના ઉછાળા સાથે ૬૭૪૮૧ના સ્તરે બંધ થયો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૩૪ પોઈન્ટથી વધુના ઉછાળા સાથે ૨૦,૨૬૮ના સ્તરે બંધ થયો હતો. શુક્રવારે શેરબજારના કામકાજમાં ઘણા ઉતાર-ચઢાવ જોવા મળ્યા હતા. ગુરુવારે, એનએસઈનિફટી ૨૦૧૩૩ ના સ્તર પર બંધ થયો હતો, જે શુક્રવારે ૨૦ ૧૯૪ ના સ્તર પર ખુલ્યો હતો અને તે દિવસના કારોબારમાં ૨૦૨૮૧ ના સ્તરને પણ સ્પર્શ્યો હતો. બીએસઈસેન્સેક્સના ટોપ ગેઈનર્સ વિશે વાત કરીએ તો, તેમાં ટીવી૧૮ બ્રોડકાસ્ટ, પાવરફાઈનાન્સકોર્પોરેશન, એમટીએનએલ, ડિક્સન ટેકનોલોજીના શેરનો સમાવેશ થાય છે. વ્હર્લપૂલ, ઓરિએન્ટ સિમેન્ટ અને અશોક લેલેન્ડ જેવી કંપનીઓના શેર ટોપ લૂઝર્સની યાદીમાં સામેલ હતા. માસિક ધોરણે, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ડિસેમ્બરમાં ૭૭૧ મિલિયન ડોલરની કમી કરી છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ડિસેમ્બર સિરીઝની શરૂઆતમાં ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૭૭૧ મિલિયન ડોલરનો ઘટાડો કર્યો છે. છેલ્લી સમાપ્તિ પર વિદેશી રોકાણકારોની ટૂંકી સ્થિતિ ઈ૧૮૦૯ મિલિયન હતી. નિફ્ટીનું ફ્યુચર રોલઓવર ૭૩ ટકાની સરખામણીએ સરેરાશ ૭૯ ટકા રહ્યું છે. છેલ્લી ત્રણ શ્રેણીની સરખામણી કર્યા બાદ ઘણા બ્રોકરેજ દ્વારા આ માહિતી આપવામાં આવી છે. શુક્રવારે, નિફ્ટી મિડકેપ ૧૦૦ શેરબજારમાં એક ટકાનો વધારો નોંધાવ્યો હતો.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી દુબઈમાં COP28 દરમિયાન વર્લ્ડ ક્લાઈમેન્ટ એક્શન સમિટમાં ભાગ લેવા પહોંચ્યા ત્યારે ભારતીય ડાયાસ્પોરા દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ફિલિપાઈન્સના મનીલા શહેરના ઝૂમાં વિશ્વની સૌથી દુ:ખી માદા હાથીનું મોત

। મનીલા, તા.૧ ।

વિશ્વના સૌથી દુખી હાથીએ આખરે આ દુનિયાને ૪૩ વર્ષની વયે અલવિદા કહી દીધુ છે. ફિલિપાઈન્સના મનીલા શહેરના ઝૂમાં રહેતી માદા હાથીનુ મંગળવારે મોત થયુ હતુ. માલી નામની આ માદા હાથી ઝૂમાં એકલી હતી. ૪૦ વર્ષ કરતા વધારે સમયથી ઝૂમાં એકલી રહેતી માલીને પશુઓ માટે કામ કરતી સંસ્થા પીપલ ફોર ધ એથિકલ ટ્રીટમેન્ટ ઓફ એનિમલ્સ દ્વારા દુનિયાની સૌથી દુખી હાથી જાહેર કરાઈ હતી. તેના મોત પર મનીલાના મેયર હની લાકુનાએ કહ્યુ હતુ કે,



મંગળવારે બપોરે તેનુ મોત થયુ હતુ. તેની ચોક્કસ વય તો કોઈને ખબર નહોતી પણ તે ૪૩ વર્ષની હોવાનો અંદાજ છે. મેયરે પોતે બાળપણમાં ઝૂની મુલાકાત દરમિયાન માલીને જોઈ હોવાની યાદો તાજી કરી હતી. તેમણે કહ્યુહ તુ કે, માલી અમારા માટે ખાસ હતી.તે અમારા ઝૂનુ આકર્ષણ હતી.

# યુએસમાં ભારતીય મૂળના છાત્રને ગુલામની જેમ ત્રાસ અપાતો હતો

। મિસોરી, તા.૧ ।

અમેરિકામાં ભણવા ગયેલા એક ભારતીય મૂળના વિદ્યાર્થી સાથે એવી ઘટના બની છે કે સગાસંબંધીઓ અને માનવતા પરથી ભરોસો જ ઉઠી જાય. ભારતીય મૂળના ૨૦ વર્ષીય સ્ટુડન્ટને મહિનાઓથી ગુલામની જેમ રાખવામાં આવ્યો હતો અને બાથરૂમની સુવિધા પણ અપાતી ન હતી. એટલું જ નહીં તેને દરરોજ ઢોરમાર મારવામાં આવતો હતો અને ખાવાનું અપાતું ન હતું.



આ બધો અત્યાચાર તેના સગાઓ દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યાર પછી પોલીસને આ બનાવની જાણ થઈ અને સ્ટુડન્ટને છોડાવવામાં આવ્યો છે.


અમેરિકાના મિસોરી સ્ટેટમાં આ ઘટના બની છે. અમેરિકન પોલીસે આ ઘટનાને અમાનવીય ગણાવી છે. નવાઈની વાત એ છે કે યુવાન સાથે આવો વ્યવહાર તેના કઝિન દ્વારા જ કરવામાં આવ્યો હતો. તેને સતત ફટકારવામાં આવતો હતો, બાથરૂમની સુવિધા નહોતી અપ ાઈ અને ત્રણ મકાનોમાં આખો દિવસ ગુલામની જેમ કામ કરાવવામાં આવતું હતું. આ યુવાનના કઝિનની સાથે બીજા બે લોકો પણ આ ગુનામાં સામેલ છે.

### રશિયામાં જન્મદર ૧૯૯૦થી ઘટી રહ્યો છે

# રશિયાના રાષ્ટ્રપતિની લોકોને આઠ બાળક પેદા કરવા અપીલ

। મોસ્કો, તા.૧ ।

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિને દેશની મહિલાઓને અપીલ કરી છે કે તે ઓછામાં ઓછા ૮ બાળકો પેદા કરે. આટલું જ નહીં તેમણે એમ પણ કહ્યું કે આપણે મોટા પરિવારોને સામાન્ય નજરે જોવા પડશે અને આ જરૂરી છે. મોસ્કોમાં પુટિને વર્લ્ડ રશિયન પીપલ્સ કાઉન્સિલને સંબોધતા



કહ્યું કે રશિયામાં જન્મદર ૧૯૯૦થી ઘટી રહ્યો છે. ગત વર્ષે ફેબ્રુઆરીમાં યુક્રેન સામે યુદ્ધની શરૂઆત થઈ હતી. એક અહેવાલ અનુસાર આ યુદ્ધમાં અત્યાર સુધી ૩ લાખ સૈનિકો મૃત્યુ પામી ગયા છે. જે રશિયાના માનવ સંસાધનની દૃષ્ટિએ મોટું નુકસાન છે. રશિયા એક મોટો દેશ છે પણ વસતી ગીચતા ઓછી છે. જેના લીધે રશિયાની ચિંતા વધી ગઈ છે. વ્લાદિમીર પુટિને કહ્યું કે આપણે આવનારા અમુક દાયકા સુધી વસતી વધારવાનું લક્ષ્ય રાખવું પડશે.

## તંત્રી લેખ...

# ગ્લોબલ વોર્મિંગના કારણે શિયાળામાં ચોમાસાનો અનુભવ

ધીમે પગલે શિયાળાની ઋતુ જામતી જાય છે. કમોસમી વરસાદના લીધે ભર શિયાળે ચોમાસાનો પણ અનુભવ કરી લીધો. કારતકમાં અષાઢી માહોલના કારણે ઘણાના લગ્નપ્રસંગો બગડ્યા. વીજળીના ચમકારે વરરાજા અને કન્યા ફેરા ફરતા નજરે પડ્યા. વરઘોડો તાડપત્રીની નીચે કાઢતા શૂરવીર જાનૈયાઓને જોઈને કહેવાનું મન થઈ જાય કે યે દેશ હૈ વીર જાનૈયાઓ કા... જેઓ પલળતાં પલળતાં પણ વરઘોડામાં નાચવાનું શૂરાતન બતાવી શકે છે! ભીંજાયેલા કાગડા જેવા સાજન-માજનને માંડવે બેસી રહેવાની ફરજ પણ કમોસમી વરસાદે પાડી. ખેર, ગ્લોબલ વોર્મિંગના કારણે હવે કોઈ ચોક્કસ ઋતુ રહી જ નથી. ગમે ત્યારે વરસાદ વરસી શકે છે. ડિસેમ્બર મહિનો એટલે શિયાળાની ઋતુની જમાવટ. ભારતમાં એમ પણ શિયાળાની ઋતુ ઉત્તરના રાજ્યોને બાદ કરતાં માંડ ત્રણ મહિના ચાલે છે. બાકીના મહિનાઓમાં ગરમીની જ બોલબાલા હોય અને વરસાદ તો ક્યારે પડે તે નક્કી જ ન હોય. શિયાળો આરોગ્યવર્ધક ઋતુ છે. ભારતમાં ખાસ કરીને હિમાલયન રેન્જમાં આવતા રાજ્યોને માટે શિયાળો આકરો છે. પરંતુ અન્ય રાજ્યો માટે આહ્લાદક ઋતુ છે. ગુજરાતમાં શિયાળાની ઋતુ ધીમે ધીમે જામી રહી છે. શિયાળાની વહેલી સવારે ઊઠી તાજી ઠંડી હવાનો આનંદ જે લઈ શકે છે તે માણસના ઘરે રોગ પણ આવતાં ડરે છે. જઠરાગ્નિને પ્રદીપ્ત કરતી આ ઋતુમાં વહેલી સવારે મૌનની સડક પર ચાલવાની મજા જ કંઈક જુદી છે. પ્રકૃતિમાં છવાયેલી શીતળતા અને મૌનનો પરમ ધ્વનિ તમારા મન, શરીર અને આત્માને તાજગીથી ભરી દે છે. વહેલી સવારે ચાલવાની મજા એ છે કે ઘોંઘાટ નામનો શત્રુ અંશતઃ જંપી ગયો હોય છે. વૃક્ષોના પાંદડાઓનો મર્મર ધ્વનિ અને પક્ષીઓનો મધુર કલરવ સવારને તાજગીથી ભરી દે છે. શિયાળો આવે એટલે બધા જાણે-અજાણે ફિટનેસ પ્રેમી બની જાય છે. વહેલી સવાર ઊઠીને ચાલતા-દોડતા જોવા મળે છે. પરંતુ આ ઉત્સાહ જેમ-જેમ ઠંડી વધે તેમ ઓસરતો પણ જાય છે. તમે માનો કે ન માનો, પરંતુ તમારે સ્વસ્થ જીવવું હોય તો ચાલવું જ જોઈએ. લાંબુ અને આરોગ્યપૂર્ણ જીવન જીવવા દોડવું જોઈએ. પરંતુ દેખાદેખીમાં કદી ચાલતા દોડતા ન હોય અને અચાનક જીમમાં જઈને કે દોડવાની આકરી કસરત કરવી હિતાવહ નથી. કાર્ડિયાક અરેસ્ટ આવી જવાની પૂરેપૂરી સંભાવના છે. દરેક કસરતની શરૂઆત ધીરે ધીરે જ કરવી, પછી એમાં વધુ સમય આપવો. શિયાળાની સવારમાં ઊગતા સૂર્યનાં કિરણો એટલે પ્રકૃતિએ મબલખ આપેલું વિટામિન-ડી. આપણે વિટામિન 'એમ' એટલે કે 'મની' મેળવવામાં એટલા મગ્ન બની ગયા છીએ કે શિયાળાની વહેલી સવારનો તડકો પણ મન ભરીને માણી શકતા નથી. તડકો સાવ મફતમાં મળે એટલે એનું મૂલ્ય સમજાતું નથી. ભારતના નાગરિકોની ઘણીખરી અસ્વચ્છ કુટેવો આ મફત અને મબલખ તડકાને કારણે નભી જતી હોય છે. હમણાં જ પૂરી થયેલી લીલી પરિક્રમામાં લોકોએ ૧૫૦ ટન જેટલો કચરો જંગલમાં નાખીને જંગલને દુષિત કર્યું. આ કચરો સાફ કરવા જંગલ ખાતાને ૧ મહિનો લાગશે એવા સમાચાર વાંચીને થાય કે આપણા દેશના લોકોની માનસિકતા જ ગંદકી કરવાની છે. જ્યાં જોઈએ ત્યાં ગમે તેમ કચરો ફેંકતા આપણે જરા પણ વિચારતા નથી. વિદેશમાં જઈએ ત્યારે ત્યાંની સ્વચ્છતા જોઈને અભિભૂત થઈએ પરંતુ એ વિદેશના નાગરિકોની સ્વચ્છતાની આદતને લીધે છે એવું વિચારતા નથી. અહીં આવી ફરી ગંદકી ફેલાવતા રહીએ છીએ.

## હવામાન એ કેવા પ્રકારનો વિષય મોસમી કે પ્રાસંગિક?

દુનિયાભરમાં અતિ મહત્ત્વની બાબતોમાં અગ્રતાક્રમે હવામાન છે. જે સરકારો પાસે જળવાયુ પરિવર્તનને સમજવા માટેનું અને તેના આધારે આગોતરા પગલાં લેવાનું વ્યવસ્થાતંત્ર ન હોય એની પ્રજાએ વારંવાર વિનાશક પરિસ્થિતિનો સામનો કરવાનો આવશે. જેની શરૂઆત આપણા દેશમાં થઈ ગઈ છે અને હવે એ પ્રવાહમાં ગુજરાતમાં પણ આ વખતે અનેક ઘટનાઓ નોંધાઈ છે. ગયા ચોમાસે અમદાવાદ શહેરમાં નદીઓએ તો પ્રવેશ કર્યો ન હતો તો પણ પાણીને જવા માટેની જગ્યા જ ક્યાંય હતી નથી. વરસાદી પાણીના નિકાલ માટે કે સંગ્રહ માટે અલગ તંત્રની દરેક મોટા શહેરને જરૂર છે. મહાપાલિકાના કર્મચારીઓ અને અધિકારીઓ દોડે છે ખરા, પરંતુ તેમનામાં કુદરતના ક્રમને સમજવાની તૈયારી નથી એટલે તેઓ પાછા પડે છે અને નાગરિકો સંકટમાં મુકાય છે. જેને પ્રિ-મોન્સૂન કામગીરી કહેવાય છે એમાં તો ગુજરાતની તમામ મહાપાલિકાઓ એક સમાન પંગુતા ધરાવે છે. ગત ચોમાસુ પૂરું થયા પછી એટલે કે હમણા દિવાળી પછી તિસ્તા નદીએ સિક્કિમમાં જે તોફાન મચાવ્યું એમાં સંખ્યાબંધ લોકોએ જિંદગી ગુમાવી છે. ગયા વરસે યમુના નદીએ પાટનગર નવી દિલ્હીના દરેક રસ્તા પર પ્રવાસ કર્યો અને ઘરે ઘરે દ્વાર ખખડાવીને કહ્યું કે હું તમારી યમુના છું... મને ઓળખો છો? યમુનાના ઘૂઘવાટા કરતા પ્રવાહને જોઈને દિલ્હીવાસીઓ ડઘાઈ ગયા હતા. આપણા જૂનાગઢમાં પણ નદીઓના જળ ઘરે ઘરે પ્રવેશી ગયા હતા. હજુ ઘણાં નગરો અને મહાનગરોનો વારો બાકી છે. આપણે નદીઓ જે બારમાસી હતી એના તરફ કદી જોયું જ નથી. મુંબઈમાં વરસો પહેલાં એક વેણીશંકર વાસુ નામના વિદ્વાન હતા. એમણે નદીઓને ઊંડી કરવા માટે ઝુંબેશ ઉપાડી હતી, પણ ત્યારે એમની વાત કોઈએ સાંભળી નહીં. હજુ પણ નદીઓ તરફ ક્યાં કોઈનું ધ્યાન છે? ગુજરાતના ભણેલાગણેલા લોકોને પૂછો કે ગુજરાતની નદીઓ કઈ કઈ, તો સરખો જવાબ ન મળે. એક નદી-વિમુખ પ્રજાએ સંકટો માટે તૈયાર રહેવું જોઈએ. આપણા રાજ્યના એક પણ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે એના શહેરના ભૂસ્તરનો નકશો નથી. જે નકશો છે તે ભૂગોળનો છે. ગુજરાતનાં તમામ શહેરોમાં મહાપાલિકામાં જે કોઈપણ રાજકીય પક્ષનું શાસન હોય તેમણે દાયકાઓથી બિલ્ડર લોભી સાથે સદાય દોસ્તી નિભાવી છે. એને કારણે હવે એનાં ભીષણ પરિણામોની શરૂઆત થઈ ગઈ છે. પાણીના કુદરતી પ્રવાહોની નોંધ લીધા વિના અને પૂરતી જાણકારી વિના મ્યુનિસિપલ કોર્પોરેશન અને શહેરી વિકાસ સત્તા મંડળ, બંનેએ ધમધોકાર મંજૂરીઓ આપી છે. ઉદાહરણ તરીકે અમદાવાદનું વસ્ત્રાપુર તો તળાવ ઉપર જ રચાયેલું ઉપનગર છે, એ ગમે ત્યારે અડધી રાતે પણ પાણીમાં ગરકાવ થઈ શકે છે, કારણ કે આસપાસના સો કિલોમીટરના વિસ્તારમાં ચોતરફનો ઢાળ વસ્ત્રાપુર તરફનો જ છે જે ભૂસ્તરીય હોવાથી એમ કંઈ સગી આંખે જોઈ શકાતો નથી. અગાઉ વડોદરામાં વિશ્વામિત્રી નદીના પાણી શહેર પર ફરી વળ્યા હતા એના કારણો ખરેખર જો તપાસવા હોય તો વડોદરા શહેરની બહારના વિસ્તારોમાં આજકાલ જે બાંધકામ ચાલે છે એના પર નજર નાખો તો ખ્યાલ આવે.

# ઘર મસાન જનુ પરિજન ભુતા, કાંતો કાયમ માટે સુવાડે અને કાંતો કાયમ માટે જગાડી દે એવી જગ્યા એટલે મસાન



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

પૂજ્ય બાપુએ પ્રથમ દિવસની માનસ મસાનની કથામાં પ્રવેશ કરતા પૂજ્ય બાપુએ કહ્યું કે ગંગાના તટ પર મૃત્યુ થાય એની મુક્તિ નિશ્ચિત છે, ત્યાં મણિકર્ણિકા ઘાટ સામે પૂજનીય સત્વા બાબાની પાવન તપસ્થળી પર ૮૦૦ મી કથા થવા જઈ રહી છે. રામકથાના આરંભમાં આ ભૂમિની સમસ્ત વેદ ચેતનાઓને પ્રણામ, અસી ઘાટ પર જ્યાં ગોસ્વામીજીનું નિર્વાણ થયું એમને નમન, જ્યાં આખું રામચરિત માનસ અંકિત છે, એવા માનસ મંદિરને હૃદયમાં રાખી ગંગાના ૮૪ ઘાટની સન્મુખ થઈ આ કથાનો ભગવાન સંકટમોચનની કૃપાથી આરંભ કરું છું. કાશી તો જ્ઞાન અને બધી જ વિદ્યાનું ઘરાનું છે. કથા માટે જિજ્ઞાસા વ્યક્ત કરેલા યુવકને કારણે સ્મશાનમાં કથા થઈ શકે એવી વાત મારી સામે આવી અને માનસ મસાનનું આયોજન થયું રામચરિત માનસમાં મસાન શબ્દનો ત્રણવાર પ્રયોગ છે.

**તુમ્હ ત્રિભુવન ગુરુ વેદ બખાના,**
**આન જીવ પાવર કા જાના,**
**વિશ્વનાથ મમ નાથ પુરારી,**
**ત્રિભુવન મહિમા વિદિત તુમ્હારી.**

ભવયંગ ભૂતિ મસાન કી, સુમિરત સુહાવનિ પાવની, ભવ એટલે ભગવાન શંકર અને એના શરીર પર જે ભસ્મ છે એ સુહાવનિ છે. આપણે કથા માટે અયોધ્યાકાંડ માંથી આ પંક્તિ ઉઠાવી છે. ઘર મસાન જનુ પરિજન ભુતા,હું ગુરુકૃપથી વિચારી રહ્યો છું કે તુલસીદાસજીએ આખા રામચરિત માનસમાં દરેક કાંડમાં મૃત્યુનો ઉલ્લેખ હોવા છતાં ફક્ત ત્રણ વાર મસાન શબ્દનો પ્રયોગ શું કામ કર્યો છે? બાલકાંડમાં પણ ઘણા મૃત્યુનો ઉલ્લેખ છે, જેમ કે ભગવાન શંકરે તાડકાસૂરને નિર્વાણ આપ્યું, ભગવાન વિષ્ણુએ છલ કરીને જલંધરને નિર્વાણ આપ્યું, રાજા પ્રતાપભાનુનો પરિવાર મૃત્યુને શરણ થયો. અયોધ્યાકાંડમાં જોઈએ તો રાજા દશરથના વિરહમાં આખું અયોધ્યા ચોધારા આંસુ એ રડ્યું. અરણ્યકાંડમા શરભંગ નિર્માણ પામે છે, ખરદુષણ વગેરેના મૃત્યુ થયા, જટાયુએ ભગવાન રામના કાર્યોમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું. સબંધનું નિર્માણ થયું, વાલીના મૃત્યુની ખબર મળી. કિષ્કિંધા અને સુંદરકાંડમાં સિંહિકાનુ મૃત્યુ, તેમજ હનુમાનજીનો પ્રતિકાર કરવા આવેલા કેટલાય



રાક્ષસો માર્યા ગયાં, અક્ષયને મારવામાં આવ્યો. લંકા કાંડમાં તો રાવણ સુધીના કેટલાય લોકોના નિર્માણની કથા આપણે વાંચીએ છીએ. ઉત્તર કાંડ એક એવો કાંડ છે જ્યાં મોતની એક પણ ખબર નથી, કેમ કે એ કાંડમાં મહાકાલનું વર્ણન છે. જ્યાં મહાકાલ હોય ત્યાં કાળ શું કરી શકે? ઉત્તર કાંડ એ અમૃત્વનો કાંડ છે એમાં કોઈનાં મૃત્યુની કથા નથી. એટલે આપણને આશ્ચર્ય થાય કે આટલાં મૃત્યુ થયા છતાં તુલસીદાસજીએ ફક્ત ત્રણ જ વાર મસાન શબ્દનો ઉલ્લેખ કેમ કર્યો? તલગાજરડાને એમ લાગે છે કે, દરેક વસ્તુને ત્રણ રીતે જોવી પડે, આદિભૌતિક, આદિદૈવિક, અને આધ્યાત્મિક. એટલે તુલસીદાસજીએ ત્રણ વાર પ્રયોગ કરીને આ ત્રણ રીતે એની વ્યાખ્યા આપણી સામે મૂકી છે. પૂજ્ય બાપુએ કહ્યું કે કોઈ પર દબાણ નથી, પરંતુ બરાબર સાંભળો કે સ્મશાન એવી જગ્યા છે, જ્યાં જનારા હંમેશા માટે સુઈ જાય છે. અથવા તો યોગ્ય રીતે પહોંચે તો, હંમેશા માટે જાગી જાય છે. એટલે જાગવું કે કાયમ માટે સુવું હોય તો સ્મશાનમાં જવું પડે. સ્મશાનની વાતથી એટલે કે આયુષ્યને કે અન્ય કોઈ કારણે મરે એનાથી વધારે તો એ મૃત્યુના ભયથી મરી જાય છે. તો આપણે એ ત્રણ પ્રકારના સ્મશાનની સંવાદિત ચર્ચા કરીને નિર્ભય બનીએ. સ્મશાનમાં સત્ય સમજાય છે, કેમકે મૃત્યુ સિવાય બીજું કંઈ જ સત્ય નથી. આપણો જન્મ સત્ય નથી, આ વખતે અહીં જન્મ્યાં, તો આવતે જન્મે ક્યાં જન્મશું? અથવા તો જન્મશું કે નહીં? એ પણ ખબર નથી, અને જન્મ્યા પછી કિશોરકાળ સુધી પહોંચીશું? યુવાન થઈ શકીશું? લગ્ન થશે કે નહીં? લગ્ન થયા બાદ લાંબા સમય સુધી ચાલશે કે નહીં? બુઢાપો આવશે કે નહીં? બુઢાપામાં સ્વસ્થ રહીશું કે બીમારી આવશે? એ કંઈ જ નક્કી નથી. પરંતુ એક પરમ સત્ય છે કે, મૃત્યુ તો થશે જ! મરવું તો પડશે જ. સ્મશાન વિશેના સંવાદમાં સ્મશાન સત્ય છે, બીજું સ્મશાન પ્રેમ છે. પ્રેમ એ સૌનો સ્વીકાર કરે છે, અહીં સૌનો સ્વીકાર છે. રાજા હોય કે રંક, પંડિત હોય કે ગમાર, સ્મશાન સૌનો સ્વીકાર કરે છે. એટલે મારી દ્રષ્ટિએ સ્મશાન સત્ય ભૂમિ છે, સ્મશાન પ્રેમભૂમિ છે, અને કાશીમાં તો એકવાર જાય એને બીજો જન્મ લેવો પડતો નથી. એટલે ભગવાન મહાદેવની કરુણા છે, એટલે જ સ્મશાન કરુણા ભૂમિ પણ છે, અને મારી આધ્યાત્મિક યાત્રાનો નિચોડ છે કે, સત્ય પ્રેમ અને કરુણા એ ત્રિભાવ જ ઉત્તમ છે. તો મૃત્યુ સત્ય છે, એ સત્યનો સ્વીકાર કરો! આપણા જીવનમાં પ્રલોભન અને મૃત્યુનો ભય આ બે મોટી મુશ્કેલી છે. ભગવત કથા સાંભળીએ તો આમાંથી આપણે મુક્ત થઈ શકીએ. જીવનની પ્રસન્નતા આપણા કાબુમાં આવી શકે, એટલે માનસ મસાનનો આ સંવાદ આપણને પ્રસન્ન કરી શકે, એવા પવિત્ર ભાવથી કથાનો આરંભ કરી રહ્યો છું. અયોધ્યા કાંડની આ પંક્તિમાં મસાન શબ્દનો પ્રયોગ થયો છે, અને થોડું આમતેમ કરો તો માનસ અને મસાન બંનેમાં થોડી સંગતી છે, એટલે મને લાગે છે કે માનસ સ્વયં મસાન છે. એ કાં તો સદાય વિશ્રામ આપે, અને કાં તો સદાય જાગૃત કરી દે. તુલસીદાસજીને બંને મળ્યા છે.

**જાકી કૃપા લવલેસ તે મતિમંદ તુલસીદાસહુ**
**પાયો પરમવિશ્રામ રામ સમાન પ્રભુ નાહી કહું.**

હંમેશા માટે સુઈ જવું, એટલે પરમ વિશ્રામ પ્રાપ્ત કરવો, અને માનસ થકી જે જાગૃતિ પ્રાપ્ત થાય છે, એની તો શું વાત કરવી! શાશ્વત જાગૃતિના માલિક બની શકાય છે. એટલે માનસ અને મસાન આ ત્રણ અક્ષર વાળા શબ્દો અંતર્ગત સામ્ય છે, અને જેનાથી પ્રલોભન નીકળી જાય, મૃત્યુનો ભય નીકળી જાય, એ જીવન અને મૃત્યુ બંને પર સવાર થઈ આનંદીત થઈ શકે.

**લાગતી અવધ ભયાવની ભારી**
**માનહું કાલરાત્રિ અંધિયારી**
**ઘર મસાન પરિજન જનુ ભૂતા**
**સૂત હિત મિત માનહું જમદૂતા.**

અયોધ્યા કાંડ માંથી ઉઠાવેલી આ બે પંક્તિનો પૂર્વાપુર સંબંધ જોઈ લઈએ, ભગવાન રામને ૧૪ વર્ષનો વનવાસ થયો, અને રામ લક્ષ્મણ જાનકી પિતાની આજ્ઞા લઈને વનવાસ જવા નીકળે છે, ત્યારે સુમંત્રને અવધ વાસીઓ પણ રામની સાથે ચાલી નીકળે છે. રામ વગર અયોધ્યાવાસીને અયોધ્યા કેવી લાગે છે! એ ભાવ આ બે પંક્તિમાં વણી લેવામાં આવ્યો છે. એમને અયોધ્યા એટલી ભયંકર લાગવા માંડી કે, જાણે અયોધ્યા પર કાલ રાત્રી આવી ગઈ. પોતાનું ઘર સ્મશાન જેવું લાગવા માંડ્યું, પોતાનાં પરિવારજનો ભૂત પ્રેત જેવાં, પુત્ર મિત્ર હિતેચ્છુ એ બધાં જાણે યમરાજના દૂત હોય એવું લાગવા માંડ્યું. તો ત્યાંથી આ મસાન શબ્દ લઈને આપણે માનસ મસાનનું સાત્વિક તાત્વિક દર્શન આ કથામાં વિશેષ રૂપમાં કરીશું. પહેલા દિવસની કથામાં પ્રવાહી પરંપરા રહી છે કે ગ્રંથનું મહાત્મ્ય કહેવું. આમ તો રામચરિત માનસ વિશે કોણ નથી જાણતું? છતાં એ સ્વાદુ લાગે છે, નિતનૂતન લાગે છે. ગોસ્વામીજીએ સાત સોપાનમાં આ ગ્રંથની રચના કરી છે. ગોસ્વામીજી સોપાન એટલે કે બાલકાંડથી શરૂ કરી ઉત્તરકાંડ સુધીની સીડી તૈયાર કરી છે, અને નીચેથી આમ છેક ઉપર સુધી જઈ શકાય છે. જે પામી ગયેલા છે તે ઉપર ગયા પછી પણ, જન હિતાય નીચે આવી શકે છે. ગોસ્વામીજી એ પ્રથમ સોપાનની શરૂઆતમાં મંગલાચરણમાં સાત મંત્રો લખ્યા છે, અને અને ત્યાર પછી પાંચ સોરઠા લખ્યા છે.

**વર્ણાનામર્થસંઘાનાં રસાનાં છન્દસામપિ,**
**મઙ્ગલાનાં ચ કર્ત્તારૌ વન્દે વાણીવિનાયકૌ,**
**વન્દે બોધમયં નિત્યં ગુરુ શંકરરુપિણમ્,**
**યમાશ્રિતો હિ વક્રોઽપિ ચન્દ્રઃ સર્વત્ર વન્દ્યતે.**


પહેલા મંત્રમાં વાણી વિનાયકનું વંદન બીજા મંત્રમાં શ્રદ્ધા અને વિશ્વાસના ઘનીભૂત સ્વરૂપ શંકર પાર્વતીની વંદના. ત્રીજા મંત્રમાં ગુરુરૂપ ભગવાન શંકરનું સ્મરણ, પછી સીતારામજીનાં ગુણગ્રામ રૂપી વિહાર કરનારા વિશુદ્ધ વિજ્ઞાની વાલ્મિકીની વંદના. હનુમાનજીની વંદના, પછી જાનકીજીની વંદના, અને રામજીની વંદના કરી. વાલ્મિકીજીને ગૌસ્વામીજીએ વૈજ્ઞાનિક કહ્યા છે, પણ એની સાથે વિશુદ્ધ શબ્દ જોડીને, જગતભરનાં વૈજ્ઞાનિકોને બહુ મોટો સંદેશ આપ્યો છે, કે બને ત્યાં સુધી વિજ્ઞાન વિશુદ્ધ હોવું જોઈએ. વિજ્ઞાન વિશુદ્ધ હોય તો જ એ કલ્યાણકારી છે. બાકી હિરોશિમા અને નાગાસાકીના કાંડ વિજ્ઞાને જ સર્જ્યા હતાં, ત્યાં વિશુદ્ધ વિજ્ઞાનનો ઉપયોગ થયો નહોતો મહાત્મા ગાંધીજી પણ કહેતા હતાં. કે સંવેદનહીન વિજ્ઞાન સામાજિક પાપ છે.

# દેવહુતિ માતાને સિદ્ધિ મળી તેથી ગામનું નામ સિદ્ધપુર પડ્યું છે, દેવહુતિના ઉદ્ધારથી તેને માતૃગયા તીર્થ કહે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

ગરીબ લોકો સમજે છે કે શ્રીમંતો બહુ સુખી છે, પણ એ શ્રીમંતોનેય શાંતિ નથી. શાંતિ નથી તો સુખ ક્યાંથી હોય? કહેવાતું સુખ ભલે એ ભોગવે, પણ એ સતત હૈયું બાળતો જ રહે છે. વૃંદાવનમાં એક મહાત્મા રહેતા હતા. મહાત્મા ધ્યાનમાં બેઠા હતા તેવામાં એક ઉંદર પાછળ બિલાડી પડી. ઉંદર આવીને મહાત્માની ગોદમાં ભરાયો મહાત્માને દયા આવી. ઉંદરને કહ્યું, તું કહે તે પ્રમાણે બનાવી દઉં. ઉંદર ની બુદ્ધિ કેટલી? તેણે વિચાર્યું હું બિલાડી બની જાઉં તો પછી કોઈ ની બીક ન રહે. કહે, મને બિલાડી બનાવી દો.મહાત્માએ તેને બિલાડી બનાવી દીધી. એક દિવસ તે બિલાડી પાછળ કૂતરો પડ્યો. ત્યારે બિલાડીએ કહ્યું,મહારાજ, મને કૂતરો બનાવી દો. હવે તે કૂતરો બન્યો. એક દિવસ જંગલમાં તે કૂતરા પાછળ વાઘ પડ્યો. એટલે કૂતરો કહે, મહારાજ, મને વાઘ બનાવી દો. મહાત્માએ તેને વાઘ બનાવ્યો. વાઘ બનાવ્યો ત્યારે હિંસક વૃત્તિ જાગૃત થઈ. તેણે વિચાર્યું,આ મહારાજ મને ફરીથી ઉંદર બનાવી દેશે તો ભારે થશે. માટે ચાલ આ મહાત્માને જ ખાઈ જાઉં. મહારાજ સમજી ગયા. તેમણે તરત તેને ફરીથી ઉંદર બનાવી દીધો.આ ઉંદર- બિલાડી ની કથા નથી. આ કથા આપણી કથા છે. આ જીવ એક વખત ઉંદર હતો, એક વખત બિલાડી હતો અને હવે તે માનવ થયો છે. માનવ બન્યા પછી માનવ ઈશ્વરને જ એ ભૂલી જાય તો પાછો હતો ત્યાં ને ત્યાં જ પહોંચી જવાનો; ત્યારે તે કહેવા લાગ્યો કે, હું ઈશ્વર માં માનતો નથી. ધર્મમાં માનતો નથી!ભગવાન ક્યા ચીજ હૈ! પણ ભગવાન કહે છે કે, યાદ રાખ.હું તને ફરીથી ઉંદર-બિલાડી બનાવી દઈશ. આ મનુષ્ય જન્મમાં જે જીવ ઈશ્વરને ઓળખવાનો કે પામવાનો પ્રયત્ન ન કરે તો તેને ફરીથી પશુ બનવું પડશે.



પશુપક્ષીઓના અવતારમાં અનેક પ્રકારે દુઃખ ભોગવી જીવ મનુષ્ય યોનિમાં આવે છે. જે દિવસે ગર્ભ રહે છે તે દિવસે પાણીના પરપોટા જેવો સૂક્ષ્મ હોય છે. દસ દિવસ પછી ફળ જેવો મોટો થાય છે. એક મહિનાના ગર્ભને માથું આવે છે, બે મહિનામાં હાથ-પગ, ત્રણ મહિનામાં નખવાળ,ચાર મહિનામાં સાત ધાતુ, પાંચ મહિનામાં ભૂખ તરસનું જ્ઞાન, છ મહિનામાં માતાના પેટમાં ભ્રમણ, આ ક્રમ છે. જ્યાં અનેક જંતુઓ ઉત્પન્ન થાય તેવા વિષ્ટા અને મૂત્ર થી ભરેલા પોલાણમાં તેને રહેવું પડે છે.તેને જંતુઓ કરડે ત્યારે કેટલીક વખત તે મૂર્છા પામે છે. વળી માતાએ ખાધેલા તીખા,ઊના ખારા,ખાટા ખોરાક વડે તેના સઘળાં અંગમાં વેદના થાય છે. આ પ્રમાણે ગર્ભમાં અનેક પ્રકારનું દુઃખ ભોગવે છે. પાંજરામાં પક્ષી પુરાય તેમ રહે છે. પણ કંઈ પણ કરવાને તે અસમર્થ છે. સાતમે મહિને જીવાત્માને પૂર્વ જન્મનું જ્ઞાન થાય છે.તે ગર્ભમાં પ્રભુની સ્તુતિ કરે છે,નાથ,મને બહાર કાઢો.ગર્ભવાસ અને નર્ક વાસ સરખો છે.મને બહાર કાઢશો તો બહાર નીકળ્યા પછી હું તમારી ખૂબ સેવા કરીશ, ભક્તિ કરીશ. ગર્ભમાં જીવ ભગવાન આગળ અનેક પ્રતિજ્ઞાઓ કરે છે. પછી જન્મ વખતે અતિશય વેદનામાં પૂર્વજન્મનું જે જ્ઞાન હતું તે જીવ ભૂલી જાય છે. બહાર આવતી વખતે અતિશય દુઃખ થવાથી ગર્ભનું જ્ઞાન ભૂલે છે. જન્મ અને મરણનું દુઃખ ભયંકર છે. આ બંને દુઃખ સરખા છે. આ દુઃખોનો અંત આવતો નથી. જન્મ થયો કે માયા એને સ્પર્શ કરે છે. સંસારમાં માયા કોઈને છોડતી નથી. જીવ બાલ્યાવસ્થામાં મા સાથે, પછી રમકડાં સાથે પ્રેમ કરે છે. તે પછી મોટો થાય એટલે પુસ્તક સાથે પ્રેમ કરે. પછી પૈસા સાથે પ્રેમ કરવા લાગે છે. પૈસાનો પ્રેમ ટકતો નથી.પછી લાડી સાથે પ્રેમ કરે છે. તે પ્રેમ પણ કાયમ રહેતો નથી. બે-ચાર છોકરાં થાય છે. એટલે ગભરામણ થાય છે. સ્ત્રીમાંથી મોહ ઓછો થાય છે. આ પ્રભુની માયા વિચિત્ર છે. પરણેલો પણ પસ્તાય છે અને ન પરણેલો પણ પસ્તાય છે.અનેક જન્મોથી આ પ્રમાણે જીવ ભટકતો આવ્યો છે.હજી ક્યાં સુધી ભટકવું છે?તારા મનને સંસારના વિષયોમાંથી હટાવી પ્રભુમાં સ્થિર કર. પરમાત્માના ચરણનો આશ્ચર્ય કરી જન્મમરણ ના ત્રાસમાંથી મુક્ત થવા પ્રયત્ન કર! જે મુક્ત થયો તેનું જીવન સફળ થયું. આમ માતાને ઉપદેશ આપી કપિલ ભગવાન ત્યાંથી ઊઠ્યા,ને કલકત્તા પાસે ગંગાસાગરના સંગમ તીર્થમાં પધાર્યા.આજપણ કપિલ ભગવાનના ત્યાં દર્શન થાય છે. કપિલ નારાયણનું સ્વાગત સમુદ્રે કર્યું છે.માતા દેવહુતિ સરસ્વતીના કિનારે વિરાજેલાં છે.સ્નાન કરે છે, ધ્યાન કરે છે, એટલે મનની શુદ્ધિ થાય છે.માતા દેવહુતિને નારાયણ નું ચિંતન કરતાં કરતાં મુક્તિ મળી છે.

દેવહુતિ માતાને સિદ્ધિ મળી તેથી ગામનું નામ સિદ્ધપુર પડ્યું છે. દેવહુતિના ઉદ્ધારથી તેને માતૃગયા કહે છે.આ કપિલગીતા સાંભળવા થી શ્રોતા-વક્તાઓનાં અનેક પાપો નો નાશ થાય છે. સંતની પરીક્ષા કરવી બહુ કઠણ છે. પરીક્ષા કરવા જતાં કોઈ વખત પાપ પણ થઈ જાય છે.એટલે સંત ની પરીક્ષા કરવી નહીં, પણ સંત બનવા જ સદા પ્રયત્ન કરવો. આજે લોકો તુકારામ મહારાજની જય બોલાવે છે,પણ એની હયાતી માં લોકોએ એમને બહુ ત્રાસ આપેલો. એક વખત તો હોળીના દિવસોમાં લોકોએ તુકારામ મહારાજને ગધેડા પર બેસાડી ને ફેરવેલા.પણ સંતને માન શું અને અપમાન શું?તુકારામને ગધેડો ગરુડ લાગે છે.તુકારામ મહારાજ ના જીવનમાં અનેક ચમત્કારો દેખાય છે, પણ એમણે એકેય ચમત્કાર કર્યો નહોતો. માત્ર એક જ વખત એમણે ચમત્કાર બતાવ્યો હતો અને તે પણ પત્ની ના દુઃખને દૂર કરવા માટે. જ્યારે તુકારામ મહારાજને ગધેડા ઉપર બેસાડી જોડાની માળા પહેરાવી ફેરવ્યા ત્યારે પત્નીને તુકારામ મહારાજને ગધેડા ઉપર નહીં, ગરુડ ઉપર બિરાજેલા દેખાયા હતા.સંતોની સહનશક્તિ અલૌ કિક હોય છે.સંતો માનથી આનંદિ ત કે અપમાનથી દુઃખી થતાં નથી. તેઓ માનઅપમાનને પી જાય છે.કથા સાંભળ્યા પછી સંત બનો. કથામાં ઊંઘ આવે તો વ્યાસ ભગવાને તેની દવા બતાવે લી જ છે.મહા કિંમતી દવા છે.હરે શ્રી કૃષ્ણ હરે શ્રીકૃષ્ણનો જપ કરવો કારણ કે કથામાં બહુ ઊંઘ આવે તો સાપનો જન્મ આવે છે. બાજુ માં બેઠેલો જો એને ન જગાડે તો એને મદારીનો જન્મ મળે છે.

વાચક ચાહક મિત્રો પૃથ્વી લોક પર માનવી જન્મ મરણ અને પુનઃ જન્મની ઘટમાળમાં થોડી ક્ષણો માટે ધાર્મિક બને પાછો એ જ રફતારમાં ભમવા લાગે છે ત્યારે ભગવદ્ જ્ઞાન આપણને સીધો સરળ માર્ગ બતાવે છે.



# રણબીરને રશ્મિકા કરતાં ૩૫ ગણા રૂપિયા મળ્યા


। મુંબઈ, તા.૧ ।

રણબીર કપૂર આ દિવસોમાં તેની મોસ્ટ અવેટેડ ફિલ્મ ‘એનિમલ’ માટે ચર્ચામાં છે. સંદીપ રેડ્ડી વાંગા દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં રશ્મિકા મંદાના અને રણબીર પહેલીવાર સાથે જોવા મળશે. આ સિવાય ફિલ્મમાં ઘણા મોટા કલાકારો અનિલ કપૂર અને બોબી દેઓલ પણ લીડ રોલમાં જોવા મળવાના છે. આ ફિલ્મ ૧ ડિસેમ્બરે રિલીઝ થવા જઈ રહી છે. આ સાથે જ ફિલ્મના ટ્રેલરને પણ ખૂબ પસંદ કરવામાં આવ્યું હતું. ટ્રેલર રિલીઝ થયા બાદથી ચાહકો ફિલ્મને લઈને ખૂબ જ ઉત્સાહિત જોવા મળી રહ્યા છે. ફિલ્મમાં રણબીરનો એક અલગ અને નવો અવતાર જોવા મળી રહ્યો છે. આવી સ્થિતિમાં અભિનેતાને મોટા પડદા પર જોવા માટે ચાહકો ઉતાવળા થઈ રહ્યા છે. આ દરમિયાન એવા સમાચાર છે કે રણબીર કપૂરે આ ફિલ્મ માટે સૌથી વધુ ફી લીધી છે, પરંતુ બાકીની સ્ટાર કાસ્ટ આ બાબતમાં અભિનેતા કરતા ઘણી પાછળ છે. રિપોર્ટ્સનું માનીએ તો રણબીરે સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મમાંથી ૭૦ કરોડ રૂપિયાની ફી વસૂલ કરી છે. ફિલ્મમાં રણબીર એક એવા પાત્રમાં જોવા મળે છે જે પોતાના પિતા માટે કોઈપણ હદ સુધી જઈ શકે છે, જે મરવા અને મારવાથી ડરતા નથી. ટ્રેલરમાં રણબીરના લુક અને પાત્રે સૌથી વધુ ધ્યાન આકર્ષિત કર્યું. આટલું જ નહીં, ફિલ્મમાં કેટલીક જગ્યાએ રણબીરમાં ફિલ્મ ‘સંજુ’ની ઝલક પણ જોવા મળી હતી, જે ચાહકોને ખૂબ જ પસંદ આવી હતી. જ્યારે એનિમલમાં જોવા મળેલી બાકીની સ્ટાર કાસ્ટની ફીની વાત કરીએ તો અનિલ કપૂર ફિલ્મમાં રણબીરના પિતાનો રોલ કરી રહ્યો છે.

# યામી ગૌતમને ઈંડસ્ટ્રીમાં ૧૦ વર્ષ થયા


। મુંબઈ, તા.૧ ।

બૉલિવૂડ બ્યૂટી યામી ગૌતમ આજે સોમવારે તેનો ૩૫મો બર્થડે પતિ અને પરિવાર સાથે ઉત્સાહભેર સેલિબ્રેટ કરી રહી છે. યામીએ ૨૦૧૨માં ફિલ્મ ‘વિક્કી ડોનર’થી ડેબ્યુ કર્યુ હતુ. આ ફિલ્મ હિટ સિદ્ધ થઈ અને યામીના કામ તથા સુંદરતા બન્નેના ખૂબ વખાણ થયા.યામી ગૌતમ આજે મોટું નામ છે. આ સુંદર અભિનેત્રી યામી ગૌતમને ઈંડસ્ટ્રીમાં ૧૦ વર્ષ થઈ ગયા છે. જો ફિલ્મ ઈન્ડસ્ટ્રીની અભિનેત્રીઓના ભણતરની વાત કરીએ તો યામી ગૌતમનું નામ પણ ઘણું ઊંચું આવશે, કારણ કે અભિનેત્રી અભ્યાસમાં ઘણી આગળ હતી. હિમાચલ પ્રદેશના બિલાસપુરમાં જન્મી યામી ગૌતમના પિતા મુકેશ ગૌતમ પંજાબી ફિલ્મોના ડાયરેક્ટર છે. યામી વિશે એક રસપ્રદ માહિતી એ છે કે બોલિવૂડમાં આવતા પહેલા તેણે કન્નડ, પંજાબી અને તેલુગુ ફિલ્મોમાં કામ કર્યું હતું. યામીની બહેન સુરીલી ગૌતમ પણ પંજાબી ફિલ્મોની અભિનેત્રી છે. તેણે ‘પાવર કટ’થી પંજાબી ફિલ્મોમાં ડેબ્યુ કર્યું હતું. યામીએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, મેં એક મોટા પ્રોડક્શન હાઉસ અને ખૂબ જ લોકપ્રિય કાસ્ટિંગ ડિરેક્ટરને ઓડિશન આપ્યું હતું. દિગ્દર્શકે મને કહ્યું કે તારું ઓડિશન સારું હતું તે સાંભળીને હું ખુબ ખુશ થઈ હતી. આ પછી તેણે કહ્યું, તમે શોર્ટલિસ્ટ પણ થઈ ગયા છો. પરંતુ સમસ્યા એ છે કે તમારે તમારી ઉંમર પ્રમાણે કપડાં પહેરવા જોઈએ. તમે આવા કપડાં કેમ પહેર્યા છે? ઉલ્લેખનીય છે કે, યામી બાળપણમાં IAS ઓફિસર બનવાનું સપનું જોયું હતું. પરંતુ



ભાગ્યએ તેના માટે કંઈક બીજું જ આયોજન કર્યું હતું. યામીએ એલએલબીનો અભ્યાસ કર્યો છે. માત્ર ૨૦ વર્ષની ઉંમરે અત્રિનેત્રીએ જે શાળા અને કોલેજમાં ટોચના વિદ્યાર્થીઓમાંથી એક હતી, તેણે નક્કી કર્યું કે તે અભિનયમાં કારકિર્દી બનાવશે. જેને પગલે તે મુંબઈ આવી પહોંચી. યામીના કરિયર અંગે વાત કરીએ તો ડેઈલી સોપ ‘ચાંદ કે પાર ચલો’માં લીડ રોલથી ડેબ્યૂ કરનાર યામી ગૌતમે અનેક જાહેરાતો અને અન્ય સિરિયલોમાં કામ કર્યું છે.

આ પછી વર્ષ ૨૦૧૨માં આયુષ્માન ખુરાના સાથે ફિલ્મમાં અભિનયની શરૂઆત કરી હતી.



# રણદીપ હુડ્ડાના પ્રી વેડિંગ ફંક્શનના ફોટો વાયરલ

। મુંબઈ, તા.૧ ।

હાલમાં પૂરજોશમાં લગ્નની સિઝન ચાલી રહી છે. જો કે બોલિવૂડમાં પણ હવે લગ્નની સિઝન જામશે એવું લાગી રહ્યુ છે. આમ વાત કરવામાં આવે તો રણદીપ હુડ્ડાના પ્રી-વેડિંગ ફંક્શનની શરૂઆત થઇ ગઇ છે. અનેક તસવીરો પણ સામે આવી ચુકી છે. રણદીપ હુડ્ડા એની લોન્ગ ટાઈમ ગર્લફ્રેન્ડ લીન લેશરામ સાથે લગ્ન કરશે. રણદીપના લગ્ન કોઇ સામાન્ય રીતે નહીં પરંતુ હટકે રીતે થશે. એક્ટરે લગ્ન માટે એકદમ અલગ સ્ટાઇલની પસંદગી કરી છે. રણદીપ મણીપુરી સ્ટાઇલમાં લગ્ન કરશે. લગ્ન પહેલાં પ્રી વેડિંગ ફંક્શનની શરૂઆત થઇ ગઇ જેની અનેક તસવીરો સામે આવી છે. આ તસવીરોમાં જોયા પછી એવું લાગી રહ્યું છે કે રણદીપના લગ્ન હટકે સ્ટાઇલમાં અને અંદાજમાં કરવામાં આવશે. રણદીપ હુડ્ડા મણિપુરી સ્ટાઇલમાં લગ્ન કરી રહ્યા છે ત્યારે પ્રી-વેડિંગ ફંક્શન પણ મણિપુરી પરંપરા અનુસાર કરવામાં આવે છે. સામે આવેલી તસવીરોમાં આની ઝલક તમે સ્પષ્ટ રીતે જોઇ શકો છો. આ તસવીરોમાં રણદીપ હુડ્ડાનો મસ્તી ભર્યો અંદાજ પહેલી વાર જોવા મળી રહ્યો છે. લગ્ન પહેલાંના ફંક્શન ખૂબ સિમ્પલ રીતે કરવામાં આવશે. આ તસવીરોમાં રણદીપની સાથે નજરે પડી રહેલા લોકોએ રેડ, વ્હાઇટ અને બ્લેક કોમ્બિનેશનની શાલ ખભા પર રાખી છે. રણદીપ આ તસવીરોમાં સુપર હેન્ડસમ લાગી રહ્યો છે. પ્રી વેડિંગ ફંક્શનના એક દિવસ પહેલાં લૈશરામ અને રણદીપ હુડ્ડાને એક સાથે મણિપુરની રાજધાની ઈંફાલમાં એક મંદિરમાં દર્શન કરતા નજરે પડ્યા હતા. રણદીપ અને થનારી પત્ની લીન આ સમયે ટ્રેડિશનલ લુકમાં જોવા મળ્યા. આ તસવીરોમાં તમે સ્પષ્ટપણે જોઇ શકો છો. હાલમાં આ લુકમાં રણદીપની તસવીરો અને વિડીયો ખૂબ વાયરલ થઇ રહી છે. બન્ને મંદિરમાં મણિપુરી ટ્રેડિશન અનુસાર પૂજા કરતા પણ જોવા મળ્યા હતા. ઉલ્લેખનીય છે કે રણદીપ હુડ્ડા મણિપુરમાં લગ્ન કરશે. રણદીપની ગર્લફ્રેન્ડ પણ મણિપુરની છે. આ બન્ને મણિપુરી પરંપરાથી લગ્ન કરશે.

# અવનીત કૌરની તસવીરોએ મચાવ્યો હંગામો

અવનીત કૌરે પોતાના ઈન્સ્ટાગ્રામ પર આ ફોટોશૂટની કેટલીક તસવીરો શેર કરી છે, જેમાં તે એકદમ હોટ લાગી રહી છે. અવનીત કૌર છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ છે, તે પોતાના ગ્લેમરસ અવતારથી ફેન્સને ઘાયલ કરતી રહે છે. હાલમાં જ એક્ટ્રેસની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. અવનીત કૌને તેની હોટ તસવીરો ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કરી છે. અભિનેત્રીની બોલ્ડ તસવીરો જોઈને યુઝર્સ ઘાયલ થઈ ગયા છે અને કોમેન્ટ બોક્સ પર ફાયર ઈમોજી અને રેડ હાર્ટ ઈમોજીનો વરસાદ કરી રહ્યા છે. ટીવી અભિનેત્રી અને સોશિયલ મીડિયા સ્ટાર અવનીત કૌર આજે કોઈ પરિચય પર નિર્ભર નથી. દરેક વ્યક્તિ તેને ખૂબ જ નાની ઉંમરથી જ ઓળખવા લાગ્યા છે. આજે તેણે મોટા પડદા સુધી પોતાની ખાસ ઓળખ બનાવી છે.

અવનીત દરરોજ તેનું ફોટોશૂટ કરાવતી જોવા મળે છે. ફરી એકવાર અવનીતનું નવું ફોટોશૂટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે.



અવનીતને સોશિયલ મીડિયા સ્ટાર પણ કહેવામાં આવે છે. અભિનેત્રી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે.



# અભિનેત્રી અમાયરા દસ્તુર બીચ લુકમાં હોટ લાગે છે



। મુંબઈ, તા.૧ ।

અભિનેત્રી અમાયરા દસ્તુરે માત્ર હિન્દી જ નહીં પરંતુ સાઉથની ફિલ્મોમાં પણ પોતાની એક અલગ ઓળખ બનાવી છે. અમાયરા દસ્તુરે મોડલિંગ કરિયરની શરૂઆત કરી હતી. ૭ મે ૧૯૯૩ના રોજ મુંબઈમાં જન્મેલી અમાયરાએ ધીરુભાઈ ઈન્ટરનેશનલ સ્કૂલમાં થોડા વર્ષો સુધી અભ્યાસ કર્યો હતો. આ પછી, તેણીએ અભિનેત્રી બનવાના સપનાને પૂર્ણ કરવા શાળા બદલી. મુંબઈથી સ્કૂલનો અભ્યાસ પૂરો કર્યા બાદ અમાયરાએ મોડલિંગની દુનિયામાં પગ મૂક્યો હતો.

**કૌન બનેગા કરોડપતિ સીઝન ૧૫**

# ૧૪ વર્ષના મયંકે રચ્યો ઇતિહાસ બન્યો કરોડપતિ



। મુંબઈ, તા.૧ ।

ટેલિવિઝનના સૌથી લોકપ્રિય ક્વિઝ બેઝ્ડ ગેમ શો કૌન બનેગા કરોડપતિની ૧૫મી સીઝન હેડલાઈન્સમાં છે. આ શો થોડા સપ્તાહથી સ્પેશ્યલ કેબીસી જુનિયર્સ વીક હોસ્ટ કરી રહ્યો છે. આ અઠવાડિયાના સોમવાર અને મંગળવારના એપિસોડમાં હરિયાણાના મહેન્દ્રગઢનો ૧૪ વર્ષનો મયંક હોટ સીટ પર પહોંચવામાં સફળ રહ્યો હતો. મયંકે આ દરમિયાન હોસ્ટ અમિતાભ બચ્ચને પૂછેલા તમામ સવાલોના જવાબ આપ્યા હતા અને આ સાથે જ મયંકે ૧ કરોડ રૂપિયા જીતનાર સૌથી નાની ઉંમરનો કન્ટેસ્ટન્ટ બનીને ઈતિહાસ રચી દીધો હતો. ધોરણ ૮માં અભ્યાસ કરતા આ યુવા સ્પર્ધકે શાનદાર ગેમ રમી હતી અને એકપણ લાઈફલાઈનનો ઉપયોગ કર્યા વિના ૩.૨ લાખ રૂપિયા જીતીને સૌને ચોંકાવી દીધા હતા. તેણે ૧૨.૫ લાખ રૂપિયાના સવાલ માટે તેની પ્રથમ લાઈફલાઈનનો ઉપયોગ કર્યો હતો. ૧ કરોડ રૂપિયાના મેગા સવાલનો જવાબ આપતાં જ મયંક ભાવુક થઈ ગયો હતો. ૧ કરોડ રૂપિયા માટે પ્રશ્ન હતો કે, ‘‘કયા યૂરોપીય કાર્ટોગ્રાફરને તે નકશો તૈયાર કરવાનો શ્રેય આપવામાં આવે છે.



# શું સુંદરલાલ ખરેખર દયાભેનને લઈને ગોકુલધામ સોસાયટીમાં આવી રહ્યો છે?

। મુંબઈ, તા.૧ ।

સીરિયલ ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’માં લાંબા સમયથી દયાબેન ગાયબ જોવા મળી રહ્યા છે. દર્શકો પણ ઘણાં વખતથી દયાબેનનો અંદાજ શોમાં જોવાનું મિસ કરી રહ્યા છે. દયા અને જેઠાલાલ વચ્ચેની મીઠી તકરાર અને પ્રેમ, મહિલા મંડળ સાથેના ગપાટા અને એ હાલો કહીને ગરબા કરવાની નોખી સ્ટાઈલ જોવા દર્શકો વર્ષોથી તરસી રહ્યા છે. શોના મેકર્સ દર થોડા વખતે દયાબેન પાછા આવશે એવી હવા ઊભી કરતાં રહે છે. પરંતુ જેઠાલાલની સાથે દર્શકો પણ નિરાશ થાય છે. હાલ ફરી એકવાર શોમાં બતાવવામાં આવી રહ્યું છે કે, દયાબેન ગોકુલધામમાં આવી રહ્યા છે. જેઠાલાલ-ચંપકચાચા અને ટપ્પુ તો ખૂબ ખુશ છે પરંતુ મહેતા સાહેબ ટેન્શનમાં છે કારણકે અગાઉ પણ સુંદર, દયા આવશે એવું કહીને જેઠાલાલને ગોળી પીવડાવી ચૂક્યો છે. શોના લેટેસ્ટ એપિસોડમાં બતાવાયું કે, આખી ગોકુલધામ સોસાયટી દિવાળી ઉજવી રહી છે. સૌ ખૂબ ખુશ છે કારણકે સુંદરલાલ દયાભાભીને લઈને મુંબઈ આવવા નીકળી ગયો છે. સુંદરલાલે જેઠાલાલને વચન આપ્યું છે કે, દિવાળીના દિવસે ગડા હાઉસમાં દીવો દયાના હાથે જ પ્રજ્વલિત થશે. ત્યારે સુંદરલાલે દયાને લઈને આવવા નીકળ્યો હોવાનું કહેતાં જેઠાલાલની ખુશીનો પાર નથી. પરંતુ શું ખરેખર દયાબેન પાછા આવશે? શોના મેકર્સ દયાબેનની એન્ટ્રી આ વખતે કરાવશે કે પછી દર વખતની જેમ દર્શકોને નિરાશ થવાનો વારો આવશે? દયાબેનનો રોલ કરતી એક્ટ્રેસ દિશા વાકાણી ૨૦૧૭થી શોમાંથી ગાયબ છે. દિશાએ મેટરનિટી લીવ લીધી હતી એ પછી તે પાછી જ નથી આવી. તેના સ્થાને મેકર્સે નવી એક્ટ્રેસ લીધી નથી. થોડા વખત પહેલા અહેવાલ હતા મેકર્સે દયાભાભીના રોલ માટે એક્ટ્રેસિસના ઓડિશન લેવાના શરૂ કર્યા છે.

# અભિનેત્રી ઈશા શરવાની ક્રિકેટર ઝહીર ખાનનાં પ્રેમમાં થઈ બરબાદ



। મુંબઈ, તા.૧ ।

આજે અમે જે અભિનેત્રી વિશે વાત કરી રહ્યા છીએ. તે એક સમયની બોલીવુડ અભિનેત્રી છે જેણે હિન્દીની સાથે સાથે સાઉથની ફિલ્મોમાં પણ કામ કર્યું છે. તેણે ઘણા દિગ્ગજ કલાકારો સાથે કામ કર્યું છે. આ ૩૯ વર્ષની અભિનેત્રી ફાસ્ટ બોલરના પ્રેમમાં હતી. તેઓ ૮ વર્ષ સુધી રિલેશનશીપમાં રહ્યા હતા, પરંતુ તેમની લવ સ્ટોરી અધૂરી રહી ગઈ હતી. આ અભિનેત્રી છે ઈશા શરવાની. ઈશા શરવાની પોતાની પ્રોફેશનલ લાઈફ કરતા પર્સનલ લાઈફ માટે વધુ હેડલાઈન્સમાં રહી. આ અભિનેત્રીને બોલિવૂડમાં ખૂબ જ સારી શરૂઆત મળી, પરંતુ તેની કારકિર્દીમાં તેને અપેક્ષા હતી એવી સફળતા મળી નહીં. તેણે પોતાનું દિલ ક્રિકેટર ઝહીર ખાનને આપી દીધું. જોકે, બંનેમાંથી કોઈએ સ્વીકાર્યું ન હતું કે તેઓ રિલેશનશિપમાં છે. બંને ઘણીવાર પાર્ટી અને ઈવેન્ટ્સમાં એકબીજા સાથે જોવા મળતા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બંને પહેલીવાર ભારતીય ક્રિકેટ ટીમના એક ઈવેન્ટમાં મળ્યા હતા, જ્યાં ઈશાએ પોતાનું ડાન્સ પરફોર્મન્સ આપ્યું હતું. ૮ વર્ષ સુધી બંનેએ એકબીજાને ડેટ કર્યા અને પછી લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો. રિપોર્ટ્સ અનુસાર, બંને લગ્ન કરવાના હતા, પરંતુ વર્ષ ૨૦૧૨માં બંનેએ એકબીજાથી અલગ થવાનો નિર્ણય લીધો હતો. આ પછી ઝહીર ખાનને તેનો પ્રેમ ‘ચક દે ગર્લ સાગરિકા ઘાટગેમાં જોવા મળ્યો. જ્યારે, ઈશા શરવાની સિંગલ મધર છે અને તેના પુત્ર લુકા સાથે ખુશ છે. ઈશા શરવાની પરણિત છે કે નહીં તે અંગે કોઈ માહિતી નથી. ૨૦૧૨માં ઈશા શરવાનીએ એક ઈન્ટરવ્યુમાં તેના અને ઝહીર ખાનના બ્રેકઅપના સમાચારની પુષ્ટિ કરી હતી. જોકે, બ્રેકઅપનું કારણ શું હતું? બંનેમાંથી કોઈએ ક્યારેય આ વાતનો ખુલાસો કર્યો નથી, પરંતુ ઈશાએ ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે તે હજુ પણ ઝહીરને પોતાનો સારો મિત્ર માને છે. ઈશા શરવાની સાથે બ્રેકઅપ બાદ ઝહીર ખાન સાગરિકા ઘાટગેને મિત્રની પાર્ટીમાં મળ્યો હતો. બંને એકબીજાને પસંદ કરતા હતા, પછી મિત્રતા થઈ જે પ્રેમમાં બદલાઈ ગઈ. ૨૦૧૬માં યુવરાજ સિંહના લગ્નમાં ઝહીર અને સાગરિકા પહેલીવાર સાથે જોવા મળ્યા હતા. ત્યાર પછી તેમના અફેરના સમાચારો આવવા લાગ્યા. ઈશાએ ૧૩ વર્ષની ઉંમરે ડાન્સિંગની તાલીમ લેવાનું શરૂ કર્યું હતું. ઈશાએ કલારીપાયટ્ટુ, કથક, છાઉ નૃત્યના વિવિધ પ્રકારોમાં નિપુણતા હાંસલ કરી છે. ઈશાએ મલ્કમ ડાન્સની ટ્રેનિંગ પણ લીધી છે. ઈશાના પિતા દેવ ઈસારો ઓસ્ટ્રેલિયન ખ્રિસ્તી પરિવારમાં ઉછર્યા હતા અને બાદમાં થાઈલેન્ડમાં બૌદ્ધ સાધુ બન્યા હતા. આ પછી તેઓ હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત ધ્રુપદ શીખવા માટે ભારત આવ્યા, અહીં આવ્યા પછી તેઓ ગુજરાતમાં રહેતા ભારતીય શાસ્ત્રીય ગાયક દક્ષા શેઠને મળ્યા. ઈશા હાલમાં તેના પુત્ર સાથે ઓસ્ટ્રેલિયાના પર્થમાં રહે છે. વર્ષ ૨૦૧૨માં ઈશા ડાન્સ રિયાલિટી શો ‘ઝલક દિખલા જા ૫’માં જોવા મળી હતી. જ્યાં ટોપ ૩માં હોવા છતાં તેને પગની ઈજાના કારણે બહાર થવું પડ્યું હતું. ઈશાએ ‘દરવાજા બંદ રખો’, ‘યુ મી ઔર હમ‘, ‘લક બાય ચાન્સ‘, ‘કરીબ કરીબ સિંગલ’ જેવી કેટલીક પસંદગીની ફિલ્મો કરી. આ સિવાય તેણે કેટલીક તમિલ અને મલયાલમ ફિલ્મો પણ કરી હતી.

### વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે સિવિલ હોસ્પિટલ ખાતે આયોજિત

# જનજાગૃતિ રેલીનો શુભારંભ કરાવતા શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર





। ઓમકારસિંહ ચૌહાણ સંતરામપુર, તા.૧ ।

૧લી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ વિશ્વ એઈડ્સ દિવસના રાજ્યસ્તરીય કાર્યક્રમ અંતર્ગત અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર સહભાગી થયા હતા અને તેમણે ફ્લેગ ઓફ કરીને રેલીનો શુભારંભ કરાવ્યો હતો. આ રેલીનું આયોજન સિવિલ હોસ્પિટલથી બેથી ત્રણ કિલોમીટરના વિસ્તારમાં કરાયું હતું. વિશ્વ એડ્સ દિવસ પર આયોજિત આ રેલી કાર્યક્રમમાં સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો.રાકેશ જોષી , એડિશનલ પ્રોજેક્ટ ડાયરેક્ટર ડો. રાજેશ ગોપાલ, ગુજરાત રાજ્ય કંટ્રોલ પ્રોગ્રામ, સેન્ટર ઓફ એક્સલેન્સ ડાયરેક્ટર ડો. કમલેશ ઉપાધ્યાય, ડો. કેતુલ અમીન જોઈન્ટ ડાયરેક્ટર ઓફ ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ પ્રોગ્રામ, ફિઝિયોથેરાપી, મેડિકલ અને અન્ય કોલેજોના વિધાર્થીઓ, એન.એસ.એસ આરોગ્ય કર્મચારીઓ, દિવ્યાંગ ભાઈઓ- બહેનો, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ, વિવિધ ધાર્મિક સંપ્રદાયના ધર્મગુરુઓ, પોલીસ બેન્ડ, ઘોડેસવાર પોલીસ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### રતનપર અને ગવરીદડમા 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું ઉમળકાભેર સ્વાગત



। રાજકોટ, તા.૧ ।

'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો રથ-૧ રાજકોટ જિલ્લાના રતનપર અને ગવરીદડ ગામે પહોંચતા ગ્રામજનો દ્વારા ઉમળકાભેર પહોંચ્યો હતો. લોકોને ઘરઆંગણે જ સરકારી યોજનાઓના લાભ સાથે માહિતી આપતી આ યાત્રાના પરંપરાગત રીતે વધામણાં કરાયા હતા. આ સાથે વિવિધ લાભાર્થીઓને અન્ય યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ વિષે માહિતગાર કરવામાં આવ્યાં હતાં. આ તકે આરોગ્ય કેમ્પ યોજી લોકોના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી તથા ખાસ ટી.બી. સ્ક્રીનીગ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડ્રોન પ્રદર્શન યોજાયા તેમજ કુદરતી ખેતી કરતા ખેડૂતો સાથે અન્ય ખેડૂતોનો વાર્તાલાપ યોજી પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતોને વળવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. સાથે જ 'મેરી કહાની મેરી જુબાની' અંતર્ગત સરકારની કલ્યાણકારી યોજના સખીમંડળથી થયેલા લાભ અને પોતાના જીવનમાં આવેલા પરિવર્તન અંગે લાભાર્થીશ્રી ક્રિષ્નાબેન નિમાવતે પોતાની કહાની રજૂ કરી હતી. મહત્વનું છે કે,આ ગામોમાં ૧૦૦ ટકા આયુષ્યમાન કાર્ડ નીકળ્યા છે તેમજ ગામ પંચાયતમાં જલજીવન મિશન, જનધન યોજના તેમજ જમીન રેકર્ડ ડિજિટાઈઝેશનની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ થઈ છે. આ બંને ગામો ઓડીએફ એટલે કે હર ઘર શૌચાલયથી સજ્જ છે તેમજ હર ઘર જલ મિશનની ૧૦૦% કામગીરી બદલ તેને અભિનંદન પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. અવસરે લોકોએ દેશની એકતા, અખંડિતતા અને સંપ્રભુતા જાળવી રાખવા સાથે દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવા માટે પુરુષાર્થ કરવાનો સંકલ્પ લીધો હતો.

# ગુજરાત સરકારના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયાની નર્મદા જિલ્લાની મુલાકાત

### આંગણવાડી કેન્દ્રના રસોઈ ઘરમાં તૈયાર થઈ રહેલા ભોજન, સ્ટોર રૂમના અનાજના જથ્થા અને અનાજની સ્વચ્છતાની ચકાસણી કરી

। રાજપીપળા, તા.૧ ।

નર્મદા જિલ્લાની બે દિવસીય મુલાકાતે પધારેલા ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી ભાનુબેન બાબરિયા પ્રથમ દિવસે સવારે ગરૂડેશ્વર તાલુકાની સમારિયા અને નાંદોદ તાલુકાની તરોપા ગામની આંગણવાડીની મુલાકાતે પહોંચ્યા હતા.

એકતાનગર વીવીઆઈપી સર્કિટ હાઉસથી મંત્રી ભાનુબેન બાબરિયા ગરૂડેશ્વરના સમારિયા ગામે આંગણવાડીમાં પહોંચી બાળકો સાથે હળવાશથી તેમની રોજિંદી પ્રવૃતિઓ તેમજ આંગણવાડી કેન્દ્રમાં આપવામાં આવતા નાસ્તા-શિક્ષણ અંગે પૃચ્છા કરી હતી. ત્યારબાદ કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓ સાથે ચર્ચા કરી તેમને આંગણવાડીમાંથી આપવામાં આવતા એક સમયના ભોજનની ગુણવત્તા, નિયમિતતા અને કિશોરીઓને અપાતું ટેક હોમ રાશન (THR) નિયમિત મળે છે કે કેમ, આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા તેમની લેવાતી કાળજી, ટી.એચ. આર.થી તેમના જીવનમાં આવેલા બદલાવ અંગે જાણકારી મેળવી હતી. આંગણવાડી કેન્દ્રના રસોઈ ઘરમાં તૈયાર થઈ રહેલા ભોજન, સ્ટોર



રૂમમાં મૂકેલા અનાજના જથ્થા અને અનાજની સ્વચ્છતાની ચકાસણી કરી હતી.

મંત્રી ભાનુબેન બાદમાં નાંદોદ તાલુકાના તરોપા ગામની આંગણવાડી ખાતે મુલાકાત અર્થે પહોંચ્યા હતા. આ દરમિયાન આંગણવાડીની સ્વચ્છતા, બાળકોને આપવામાં આવતો નાસ્તો, ગામની લાભાર્થી મહિલાઓને આપવામાં આવતું બપોરનું ભોજન ચકાસી જાતે પણ આ ભોજનની ગુણવત્તા તપાસી હતી. આંગણવાડીમાં બાળકોની બેઠક વ્યવસ્થા તેમજ ક્રિડાંગણ નિહાળીને મંત્રીએ અત્યંત ખુશી વ્યક્ત કરી આંગણવાડીના બાળકો સાથે સમય વિતાવ્યો હતો. સરકારની યોજનાઓની સૂપેરે થઈ રહેલી અમલવારી નજરે નિહાળી મંત્રીએ ખૂશીની લાગણી વ્યક્ત કરી હતી.

### ડાંગના પ્રજાજનોને 'વિકસિત ભારત' નો સંકલ્પ લેવાનું કર્યું આહવાન

# ડાંગ જિલ્લાના ધવલીદોડ ગામે પહોંચી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' : કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી સોમ પ્રકાશે યાત્રાની મુલાકાત લીધી

। ડાંગ, તા.૧ ।

સને ૨૦૪૭ માં જ્યારે દેશ આઝાદીની શતાબ્દી મનાવી રહ્યુ હશે ત્યારે, વિશ્વભરમાં ભારતની ગણના એક વિકસિત રાષ્ટ્ર તરીકે થશે તેમ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી સોમ પ્રકાશે તેમની ડાંગ જિલ્લાની ફમ્જીરૂ ની મુલાકાત વેળા જણાવ્યું હતું.

પરિશ્રમી અને પરાક્રમી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કાર્યપદ્ધતિનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ, દેશને સબળ નેતૃત્વ પૂરું પાડી રહેલા પ્રધાનમંત્રીશ્રીનું વિશ્વના નેતાઓ અનુકરણ કરી રહ્યા છે તેમ તેમના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું હતું. વૈશ્વિક સ્તરે ભારતના વધતા ગૌરવનું ગાન કરતા કેન્દ્રીય મંત્રી શ્રી સોમ પ્રકાશે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ના સથવારે ગામે ગામ અને ઘરે ઘર સુધી, એક એક લાભાર્થી સુધી યોજનાકિય લાભો પહોંચાડવાનો આયામ સરકારે શરૂ કર્યો છે તેમ કહ્યું હતું. મેઈક ઈન ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત જેવા અભિયાનો ઉપરાંત દેશમાં રેલ, જળ, માર્ગ પરિવહન અને હવાઈ ક્ષેત્રે થઈ રહેલા વિકાસની રૂપરેખા આપતા મંત્રી શ્રી સોમ પ્રકાશે વંચિતોના કલ્યાણની ક્ષેણીબદ્ધ યોજનાઓનો લાભ, જરૂરિયાતમંદો સુધી પહોચે તે માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સતત ચિંતિત અને પ્રયત્નશીલ છે તેમ ઉમેર્યું હતું.

વિશ્વના દેશો માટે પથદર્શક બનેલા ભારતના વૈશ્વિક પગલાઓનો ઉલ્લેખ કરતાં મંત્રીશ્રીએ ૮૨૦ અને ચન્દ્રયાન જેવા આયામોએ દુનિયા સમક્ષ ભારતની ક્ષમતાનો પરિચય કરાવ્યો છે તેમ કહ્યું હતું. દેશના પ્રત્યેક જરૂરિયાતમંદોનો ઉત્કર્ષ કરતી શ્રેણીબદ્ધ યોજનાઓનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ, દેશના પ્રધાનમંત્રીશ્રીએ ગરીબ કલ્યાણલક્ષી યોજનાઓ માટે હંમેશા સંવેદના પૂર્વક નિર્ણય લીધા છે તેમ કહ્યું હતું. ગરીબ, વંચિત,



યુવાન, મહિલાઓ અને ખેડુતો માટે હંમેશા ચિંતિત ભારત સરકારે સૌના કલ્યાણનો સંકલ્પ વ્યકત કર્યો છે તેમ જણાવી, સૌને વિકસિત ભારતનો સંકલ્પ વ્યકત કરવા આહ્વાન કર્યું હતુ. વડાપ્રધાનશ્રીના સુશાસનનો ઉલ્લેખ કરતા ગુજરાત વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલે, દેશના પ્રજાજનોની સતત ચિંતા કરતા પ્રધાનમંત્રીશ્રીની લોકકલ્યાણની વિવિધ યોજનાઓનો લાભ લઈ, સૌનો સાથ- સૌનો વિકાસ સાધવાની હિમાયત કરી હતી. પાત્રતા ધરાવતો એક પણ લાભાર્થી યોજનાકિય લાભોથી વંચિત ન રહે, તે જોવાની આપણી સહિયારી જવાબદારી છે તેમ જણાવતા શ્રી પટેલે, સૌને વિકસિત ભારત માટે સંકલ્પબદ્ધ થવાનું પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં આહવાન કર્યું હતુ. દંડકારણ્યની પાવન ભૂમિનું માહાત્મ્ય સ્પષ્ટ કરતા સાંસદશ્રી ડોક્ટર કે.સી.પટેલે, ડાંગને ચોવીસ કલાક વીજળી આપવાનું કામ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે તેમ જણાવી, સંકલ્પ યાત્રાના માધ્યમથી છેવાડાના લાભાર્થીઓના ઘર સુધી પહોંચી, તેમને લાભાન્વિત કરવાનું અભિયાન કેન્દ્ર સરકારે હાથ ધર્યુ છે તેમ જણાવ્યું હતું. ધવલીદોડ ગામે કેન્દ્રીય મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં ડાંગના પરંપરાગત નૃત્ય અને વાદ્યના તાલે મંત્રીશ્રી સહિતના મહાનુભાવોનું અદકેરૂ સ્વાગત કરાયું હતું.

# ગૌરીદડના આઈ.ઓ.સીના ડેપોમાં આગ લાગવા અંગેની મોકડ્રીલ યોજાઈ



। રાજકોટ, તા.૧ ।

દેશ અને રાજ્યમાં વિવિધ તબક્કે કોઈ મોટી હોનારત કે ખાના ખરાબી સર્જાય ત્યારે વહિવટી તંત્ર અને તેની વિવિધ એજન્સીઓ હર હંમેશ લોકોની પડખે હાજર રહીને સુરક્ષા પ્રદાન કરતી હોય છે. પરંતુ શાંતિના સમયમાં પણ તેઓ સતત કાર્યરત તથા અભ્યાસ કરતા રહેતા હોય છે. આવા જ એક અભ્યાસના ભાગરૂપે જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ રાજકોટ વહિવટી તંત્ર દ્વારા મોરબી રોડ પર આવેલા ગૌરીદડ ગામ પાસે એક મોકડ્રીલ કવાયત યોજવામા આવી હતી. જેમાં ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશનના ગૌરીદડ સ્થિત ડેપોમાંથી પસાર થતી મથુરા-સલાયા પાઈપલાઈનના મેઈનટેનન્સ દરમિયાન ગેસ લિકેજ થતા આગ લાગી હતી. જે અંગે કંપનીને મેઈનટેનન્સ ટીમ દ્વારા જાણ કરાઈ હતી. કંપનીના કંટ્રોલરૂમ દ્વારા ફાયર ડિપર્ટમેન્ટ, જિલ્લા વહિવટી તંત્રના આપદા નિવારણ વિભાગ, પોલીસને જાણ કરવામાં આવી હતી. તમામ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ગણતરીની મિનીટોમાં પહોંચી ગયા હતા. આ અરસામાં બે ફાયર સ્ટેશન તથા ગેસ લિકેજ ટીમને સંદેશ મળતા જ સમયસર પહોંચીને પોતાની સુઝબુઝ અને સમયસુચકતા વાપરીને આગને કાબુમાં લીધી હતી. આગના કારણે ત્યાંથી પસાર થતી વિજ લાઈનમાં વિજ પુરવઠાને સ્થગીત કરી દેવામાં આવ્યો હતો. જેને કારણે સંભવિત જાનહાનિને અટકાવવામાં સફળતા મળી હતી. આ સમયે ગેસ પાઈપલાઈનમાં લાગેલી આગને ફાયર બ્રિગેડના કર્મચારીઓ ચપળતા અને સતર્કતાથી તાત્કાલીક બુઝાવી દેવામાં આવી હતી. ત્યાર

# નડીયાદ તાલુકાના ભૂમેલ ગામ ખાતે વિકસિત ભારત સંકલપ યાત્રાનું ઉત્સાહભેર સ્વાગત

। નડીયાદ, તા.૧ ।

સરકારની લોક કલ્યાણકારી યોજનાઓનો લાભ દેશના પ્રત્યેક ગામના નાગરિકો સુધી પહોંચે તે હેતુથી શરૂ થયેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા તા. ૦૧/૧૨/૨૦૨૩ ના રોજ નડીઆદ તાલુકાના ભુમેલ ગામે પહોંચી હતી. જેમાં નડીઆદ તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતિ મેઘાબેન અલ્પેશભાઈ પટેલ, માજી. જિલ્લા પંચાયત મદસ્યશ્રી, તાલુકા પંચાયત સદસ્યશ્રીઓ તથા સરપંચશ્રી ભૂમેલના હસ્તે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ અંતર્ગત લાભાર્થીઓને લાભ વિતરણ કરવામાં આવ્યું. વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ અંતર્ગત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત આયુષ્યમાન કાર્ડ, મહિલા અને બાળ વિકાસ વિભાગ તરફથી સર્ગભા માતાને કિટ, કિશોરી પુર્ણા કીટ, સ્વજલધારા યોજનામાં સરપંચશ્રીને પ્રમાણપત્ર, ખેતીવાડી વિભાગ તરફથી સોઈલ હેલ્થ કાર્ડ યોજનાના લાભાર્થીઓને લાભ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં એનીમિયા તથા ટીબી નિદાન માટે નાના સ્ટોલ, આધારકાર્ડ, કિસાન કેડિટ કાર્ડ દીનદયાળયોજના, ઉજ્જવલા યોજના, પ્રધાન મંત્રી કિસાન સન્માન નિધિ, પોષણ યોજનાની



જાણકારી આપતા સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમ દરમિયાન ધરતી કરે પુકાર નાટક અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યા હતા. વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંદેશના વીડિયોના માધ્યમથી નિહાળવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ લોકો દ્વારા ભારતને ૨૦૪૭ સુધી આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ માટે શપથ લેવામાં આવી હતી.

આ પ્રસંગે મેરી કહાની મેરી જુબાની અંતર્ગત પ્રાકૃતિક ખેતી યોજના તથા આયુષ્યમાન કાર્ડના લાભાર્થીઓએ પોતાને મળેલ લાભની વાત કરી અન્ય લોકોને સરકારની યોજનાઓનો લાભ લેવા અપીલ કરી હતી.

# WWF-India સંસ્થા દ્વારા વેરાવળના દરિયાકાંઠે "પ્લાસ્ટિક મુક્ત મહાસાગર" થીમ અંતર્ગત સાફ-સફાઈ અભિયાન યોજાયું

। ગીર સોમનાથ, તા.૧ ।

એ દેશની અગ્રણી પર્યાવરણ સંરક્ષણ સંસ્થા છે. જે દેશના વિવિધ રાજ્યોમાં અલગ-અલગ સંશોધનાત્મક સંરક્ષણ પ્રોજેક્ટ ઉપર કાર્યરત છે. જે હાલમાં ભારતના દરિયાઈ અને દરિયાકાંઠાના પાણીમાં દિવસેને દિવસે ઉદભવતી સૌથી મોટી સમસ્યા એવી 'ઘોસ્ટ માછીમારી'ના મુદ્દાને સંશોધનાત્મક પદ્ધતિથી ઉકેલવાની સાથે દરિયા અને દરિયાકાંઠાના પર્યાવરણ પર પ્લાસ્ટિકની અસરો અંગે જાગૃતિ ફેલાવવા માટે કામ કરી રહી છે. પ્લમ-ગુડનેસ સમર્થિત આ પ્રોજેક્ટ ગુજરાત, તમિલનાડુ, કેરળ અને મહારાષ્ટ્રમાં સ્થાનિક સમુદાયની ભાગીદારી દ્વારા દરિયાઈ કચરો (Marine debris) અને ઘોસ્ટ ગિયર (ઓજારો) ને દૂર કરવાના ભાગરૂપે WWF-India દ્વારા આ સાફ-સફાઈ અભિયાનની પહેલ કરવામાં આવી હતી. જે અંતર્ગત WWF-Indiaનાં ગુજરાત રાજ્યના ઈન્ચાર્જ અને સિનિયર અધિકારી શ્રી ધવલ જુંગી તથા ચેન્નઈના સિનિયર પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. એન. પ્રવિણકુમારના માર્ગદર્શન હેઠળ વેરાવળ ચોપાટી ખાતે યોજાયેલ આ અભિયાનમાં ફિશરીઝ કોલેજના ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ અભિયાન અંતર્ગત, વેરાવળના દરિયાકાંઠેથી ૪૪૦ કિલો પ્લાસ્ટિક તેમજ ૧૨૦ કિલો ઘોસ્ટ નેટ દૂર કરવામાં આવી હતી. નોંધનીય છે કે, દરિયાઈ કચરાના મુખ્ય ઘટકોમાંનું એક ઘોસ્ટ ગિયર (ઓજારો) છે જેને ત્યજી દેવાયેલા, ખોવાઈ ગયેલા અથવા અન્યથા કાઢી નાખવામાં આવેલા ફિશિંગ ગિયર (ALDFG) તરીકે પણ ઓળખવામાં આવે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો. આ રાશિ ના વેપારીઓ ને આજે વેપાર માટે અણધારી મુસાફરી કરવી પડી શકે છે. આ મુસાફરી તમને માનસિક તાણ આપી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ફિટનેસ તથા વૅટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. મોટી વયના લોકો તથા પરિવારના સભ્યો તમને પ્રેમ અને સંભાળ આપશે. એકતરફી આકર્ષણ આજે તમારી માટે માથાનો દુખાવો જ લાવશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. કળા તથા રંગભૂમિ સાથે સંકળાયેલા લોકોને રચનાત્મક રીતે તેમનું શ્રેષ્ઠ આપવા માટે આજે અનેક નવી તકો મળશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. અંગત અને ગોપનીય હોય તેવી માહિતી કોઈને જણાવતા નહીં. સૅક્સ અપીલ વાંછિત ફળ આપશે. બિઝનેસમેન્સ માટે સારો દિવસ કેમ કે તેમને અચાનક કેટલોક અણધાર્યો લાભ થશે. બાકી રહી ગયેલા કાર્યોને જલ્દીથી ઉકેલવા રહ્યા અને તમ જાણો છો કે તમારે ક્યાંકથી તો શરૂઆત કરવી જ પડશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. જો તમે દરેકની માગનું ધ્યાન રાખવા જસો તો તમે આજે અનેક વિવધ દિશાઓમાં વહેંચાયેલા રહેશો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે સંતોષી જીવન માટે તમારી માનસિક દઢતામાં વધારો કરો. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. યોગ્ય સંવાદ તથા સહકાર તમારા જીવનસાથી સાથેના સંબંધોને સુધારશે. તમારી વાણી પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે. તમારા પ્રિયપાત્ર આજે રૉમેન્ટિક મૂડમાં રહેશે. કોઈ બાબત કે ઘટના બને તેની રાહ ન જોતા-બહાર નીકળો અને નવી તકોને શોધો.

# ભોપાલ ગેસ દુર્ઘટના : ૩૯ વર્ષ પછી પણ હજુ સુધી ન્યાય મળ્યો નથી

## સત્તાવાર મૃત્યુઆંક ૨૨૫૯ હતો લોકોના અંદાજે પ્રમાણે ૨૦ થી ૨૫ હજાર મૃત્યુ પામ્યા હતા ૫ લાખથી વધુ લોકોને શ્વાસની સમસ્યાઓથી, અંધત્વ, કેન્સર અને સ્ત્રીરોગ સંબંધી સમસ્યાઓથી પીડાઇ રહ્યા છે

| અમદાવાદ |

૩૯ વર્ષ પહેલા ભોપાલ ગેસ દુર્ઘટનાએ સમગ્ર વિશ્વના ઔદ્યોગિક ઈતિહાસમાં સૌથી મોટી દુર્ઘટના માનવામા આવે છે. ૩ ડિસેમ્બર, ૧૯૮૪ના રોજ મધ્યપ્રદેશના ભોપાલમાં મોડી રાત્રી પછી સવારે યુનિયન કાર્બાઈડ કેમિકલ ફેક્ટરીમાંથી નીકળેલો ૩૦ ટન મિથાઈલ આઈસોસાયનેટ (MIC) નામનો ઝેરી ગેસ લીક થયો હતો. તે જંતુનાશક પ્લાન્ટ શેન્ટીટાઉન્સથી ઘેરાયેલો હતો જેના કારણે હજારોથી વધારે લોકો જીવલેણ ગેસના વાદળોના સંપર્કમાં અવ્યા હતા. જેના લીધે ઝેરી ગેસની ચપેટમાં આવેલા હજારો લોકોના જીવ લીધા હતા. ભોપાલમાં આવેલો કેમિકલ પ્લાંટ છ સુરક્ષા પ્રણાલીઓથી સજ્જ હતો. જે લીકને શોધવા માટે બનાવ્યો હતો. જેમાંથી તે કોઈપણ રાત્રે કાર્યરત ન હતું.

એક એન્જિનિયર MIC ઉત્પાદન પરિસરમાં એક ખરાબ કોરોડેડ પાઈપના માધ્યમથી પાણીને ફ્લશ કરીને નીકાળી રહ્યા હતા. ત્યારે વાલ્વોની શ્રેણી નિષ્ફળ ગઈ, જેનાથી પાણીની પ્રવાહી સ્થિતિમાં ઝેરી રસાયણને પકડી રાખતી હતી અને ત્રણ માળાની ટાંકીઓમાંથી એકમાં મુક્તપણે વહેતું થઈ ગયું. આનાથી ઝડપી અને હિંસક પ્રતિક્રિયા થઈ. ટાંકી તેના કોંક્રિટ અવરણમાં વિખેરાઈ ગઈ અને MIC, હાઈડ્રોજન સાયનાઈડ, મોનોમેથાઈલમાઈન અન્ય રસાયણોનો એક ઘાતક વાદળોને બનાવીને ફેંકી દીધા જેનાથી બધા જમીન ઉપર ચોંટીગયા અને ઝેરી ગેસના વાદળોથી મોટા ભાગે ભોપાલને ઢાંકી દેતાં લોકોના મૃત્યુ થવા લાગી હતી.

આ દુર્ઘનટનામાં હેમખેમ બચી ગયેલા અઝીઝા સુલતાન નામના વ્યક્તિ યાદ કરીને કહે છે કે ''બપોરે ૧૨:૩૦ વાગે હું મારા બાળકની ખાંસીનો અવાજ સાંભળીને ઉઠી ગયો. મેં અડધા પ્રકાશમાં જોયું તો મારા ઘરની ઓરડી ઝેરીલા ગેસના સફેદ વાદળોથી ભરેલી હતી. ''મેં ઘણા લોકોને બૂમો પાડતા સાંભળ્યા અને તેઓ બૂમો પાડી રહ્યા હતા. દોડો-દોડો', તે કહિ રહ્યા છે. ત્યાર બાદ મને ખાંસી આવવા લાગી હતી શ્વાસ સાથે એવું લાગતું હતું કે જાણે હું અગ્નિમાં શ્વાસ લઈ રહ્યો છું. મારી આંખો બળી રહી હતી.

ઝેરી ગેસથી લોકોને આંખોમાં અને શરીરમાં જાણે કોઈએ મરચાથી ભરી દીધું ન હોય તેવું લાગતું હતું. શ્વાસ લેવામાં તકફલી પડતી હતી. મોઢાની અંદર ફેણ આવી ગાય હતા. ખાંસી એટલી ખરાબ હતી કે લોકોને ખાંસીની પીડામાં તડપી રહ્યા હતા. લોકોને માત્ર એજ ચિંતા હતી કે તેઓ પોતાનો જીવ કેવી રીતે બચાવશે તેથી તેઓ દોડ્યા. કોઈને ખબર ન હતી કે શું થઈ રહ્યું છે. લોકો અત્યંત ભયાનક રીતે મરવા લાગ્યા. કેટલાક અનિયંત્રિત પણે ઉલટી કરી રહ્યા હતા. આંચકીમાં અને ગૂંગળમાં મૃત્યુ પામ્યા.ભયના કારણે લોકોએ સાંકડી ગલીઓમાં દોડમભાગ કરવામાં મૃત્યુ પામ્યા હતા. એક બીજાના પરીવરો વેરવીખેર થઈ ગયા હતા.

### MIC ઉપયોગ જંતુનાશક દવા બનાવવામાં થતો હતો

મિથાઈલ આઈસોસાયનેટ કેમિકલ (MIC) નામનો ઉપયોગ જંતુનાશક દવા બનાવવામાં થતો હતો. જો શ્વાસમાં લેવામાં આવે તો તે ખૂબ જ ઘાતક રોધક સાબીત થાય છે. જુદા સ્ત્રોતોના અને દરેકના પોતાના મંતવ્યો હોવાને કારણે મૃત્યુઆંકના અંદાજમાં તફાવત છે. હજુ સુધી અગાઉ સત્તાવાર મૃત્યુઆંક ૨૨૫૯ હતો. લોકોના અંદાજે પ્રમાણે ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા હતા અને અંદાજે પાંચ લાખ બચી ગયેલા લોકોને શ્વાસની સમસ્યાઓ, અંધત્વ અને અન્ય સ્વાસ્થ્ય જેવુ કે કેન્સર અને સ્ત્રીરોગ સંબંધી સમસ્યાઓથી પીડાય છે.

રશીદા બીબી કહે છે કે એક હું બચી ગયેલી વ્યક્તિ કે જેણે છેલ્લા ત્રણ દાયકામાં તેના પરિવારના પાંચ સભ્યોને વિવિધ પ્રકારના કેન્સરથી ગુમાવ્યા છે. જે લોકો તેમના જીવનથી બચી ગયા તેઓ ''પોતાને કમનસીબ'' માને છે. તે કહે છે કે ભાગ્યશાળી લોકો એ છે જેઓ દુર્ઘટનાની રાત્રે મૃત્યુ પામ્યા છે.

કોઈ નથી જાણતો હકિકતમાં કેટલા હજારો લોકો મૃત્યુ પામ્યા છે. યુનિયન કાર્બાઈડે આ સંખ્યા ૩,૮૦૦ બતાવે છે. મ્યુનિસિપલ કામદારો જેમણે મૃતદેહ એકત્રિત કર્યા તે સામૂહિક કબરોમાં દફનાવવામાં અને અંતિમ સંસ્કારની ચિતા પર સળગાવવા માટે લારીઓ ઉપર મૂકીને લઈ જવામાં આવતા હતા. તેઓ કહે છે કે ઓછામાં ઓછા ૧૫ હજાર મૃતદેહને સંભાળ્યા હતા. દફનવિધિની સંખ્યાના આધારે બચી ગયેલા લોકો રૂઢિચુસ્ત દાવો કરે છે કે પહેલા અઠવાડિયામાં લગભગ ૮ હજાર લોકો મૃત્યુ પામ્યા હતા. પરંતુ મૃત્યુ ક્યારેય અટક્યું નથી.

### કાટ લાગેલી યુનિયન કાર્બાઇડે સાઇટને બંધ કરી દીધી

યુનિયન કાર્બાઈડે સાઈટને બંધ કરી દીધી. તેને ક્યારેય સાફ કરવામાં આવી નથી તેથી ઝેર ચાલુ રહ્યુ હતું. ૧૯૯૯માં સ્થળની નજીકના ભૂગર્ભજળ અને પાણીના કૂવાના પરીક્ષણમાં પારાના સ્તરો US એન્વાયર્નમેન્ટલ પ્રોટેક્શન એજન્સી (EPA) દ્વારા સલામત તરીકે સ્વીકૃત કરતાં હોવાનું જણાયું હતું. પાણીમાં કેમિકલ્સ મળી આવ્યા હતા જે કેન્સર, મગજને નુકસાન અને જન્મજાત ખામીઓનું કારણ બને છે. ટ્રાઈક્લોરોઈથીન, ગર્ભના વિકાસને નબળો પાડવા માટે દર્શાવવામાં આવતું રસાયણ, EPA મર્યાદા કરતાં ૫૦ ગણું વધારે સ્તરે જોવા મળ્યું હતું. ૨૦૦૨ના અહેવાલમાં પ્રકાશિત થયેલા પરીક્ષણમાં મહિલાઓના સ્તનપાનમાં ટ્રિક્લોરોબેન્ઝીન, ડિક્લોરોમેથેન, ક્લોરોફોર્મ, સીસું અને પારો જેવા ઝેર હોવાનું બહાર આવ્યું હતું.

૨૦૦૧માં મિશિગન સ્થિત ડાઉ કેમિકલ કંપનીએ યુનિયન કાર્બાઈડને ખરીદી તેની સંપત્તિ અને જવાબદારીઓ હસ્તગત કરી. જોકે ડાઉએ ભોપાલ સાઈટને સાફ કરવાનો સતત ઈંકાર કર્યો છે. તેમ જ તેણે પીવાનું સલામત પાણી પૂરું પાડ્યું નથી, પીડિતોને વળતર આપ્યું નથી અથવા ભારતીય તબીબી સમુદાય સાથે રૈંઝ ની ઝેરી અસરો અંગેની કોઈપણ માહિતી શેર કરી નથી. ભોપાલના ડોકટરોએ જે ડેટાની વિનંતી કરી છે. અને તે કહે છે કે કટોકટીની સ્થાયી અસરોનો સામનો કરવા માટે તેઓને જરૂર છે, ડાઉએ ટ્રેડ સિક્રેટની જેમ વ્યવહાર કર્યો છે તેને અટકાવ્યો છે.




**૩૯ વર્ષ પછી ગેસના સંપર્કમાં આવેલા લોકોએ શારીરિક અને માનસિક રીતે અક્ષમ બાળકોને જન્મ આપે છે**

### ૧૯૭૦ના દાયકામાં યુનિયન કાર્બાઇડે ફેક્ટરીનું નિર્માણ થયું

મધ્યપ્રદેશના ભોપાલમાં યુનિયન કાર્બાઈડે ૧૯૭૦ના દાયકામાં ફેક્ટરીનું નિર્માણ કર્યું હતું તે વિશ્વાસ સાથે ભારત જંતુનાશકો માટે એક વિશાળ બિનઉપયોગી બજારનું પ્રતિનિધિત્વ કરે છે. ક્યારેય વેચાણ કંપનીની અપેક્ષાઓને પૂર્ણ કરી શક્યું નથી. દુષ્કાળ અને પૂરનો સામનો કરવા માટે સંઘર્ષ કરી રહેલા ભારતીય ખેડૂતો પાસે યુનિયન કાર્બાઈડના ઉત્પાદનો ખરીદવા માટે નાણાંનો અભાવ હતો. દુર્ઘટના પહેલા ૧૫ વર્ષ સુધી યુનિયન કાર્બાઈડે ફેક્ટરીની અંદર અને બહારની જગ્યાઓ પર અત્યંત ઝેરી રાસાયણિક કચરો ફેંક્યો હતો. હજારો ટન જંતુનાશકો, દ્રાવકો, રાસાયણિક ઉત્પ્રેરક અને પેદાશો છોડની અંદર છ હેક્ટર (૧૬ એકર)માં ફેલાયેલા છે. ફેક્ટરીની બહાર ૧૪ હેક્ટર વિસ્તારને આવરી લેતા બાષ્પીભવન તળાવો હજારો લિટર પ્રવાહી કચરાથી ભરેલા હતા. પ્લાન્ટ, જે ક્યારેય તેની સંપૂર્ણ ઉત્પાદન ક્ષમતા સુધી પહોંચી શક્યો ન હતો. ૧૯૮૦ના દાયકાની શરૂઆતમાં તેને બંધ કરી દેવામાં આવ્યું, જોકે મોટા જથ્થામાં ખતરનાક રસાયણો સાઈટ પર છોડી દેવામાં આવ્યા હતા.

### ૧૯૮૯માં યુનિયન કાર્બાઇડ દ્વારા કરવામાં આવેલા ગુપ્ત પરીક્ષણોમાં

યુનિયન કાર્બાઈડ પરીક્ષણોને ભોપાલ મેડિકલ અપીલ દ્વારા જોવામાં આવ્યાં હતાં. કંપનીએ તારણ કાઢ્યું હતું કે સ્થળ ઘાતક રીતે દૂષિત હતું. ઘણા સ્થાનો જ્યાં નમૂના લેવામાં આવ્યા હતા તે ફેક્ટરીની દિવાલની અંદર જ હતા. લોકોએ દિવાલની બીજી બાજુના કુવાઓ અને સ્ટેન્ડપાઈપ્સમાંથી પાણી ખેંચ્યું હતું. સ્ટીલની ત્રણ વિશાળ ટાંકીઓએ ૬૦ ટનથી વધુ MIC રાખવાનું ચાલુ રાખ્યું. જો કે MIC ખાસ કરીને અસ્થિર ગેસ છે, યુનિયન કાર્બાઈડની વિસ્તૃત સલામતી પ્રણાલીઓને બિસમાર થવા અને બિનઅસરકારક બનવાની મંજૂરી આપવામાં આવી હતી. ફેક્ટરીના સંચાલકોનો તર્ક એવો હતો કે ઉત્પાદન બંધ થઈ ગયું હોવાથી કોઈ ખતરો નથી.

ભૂગર્ભજળ તરત જ માછલીઓને મારી નાખે છે. ચોમાસામાં સડી રહેલા છોડને નુકસાન પહોંચાડ્યું વરસાદને કારણે રાસાયણિક-કચરાના બાષ્પીભવન તળાવો ઓવર ફ્લો થઈ ગયા. ઝેર જમીનમાં ઘૂસી જાય ભૂગર્ભ લીચ કરે છે. કુવાઓમાંથી દૂષિત પાણી બાજૂના વિસ્તારમાં પમ્પ કરવામાં આવ્યું હતું. સાઈટની ઝેરીતાના નિર્વિવાદ પુરાવા હોવા છતાં યુનિયન કાર્બાઈડે સ્થાનિક લોકોને જાણ ન કરવાનું પસંદ કર્યું કે પાણી અસુરક્ષિત છે. તે સમુદાયના લોકો પર નૂકશાન કરે છે.

૧૯૮૯માં યુનિયન કાર્બાઈડ દ્વારા કરવામાં આવેલા ગુપ્ત પરીક્ષણોમાં જેનાં પરિણામો પછીથી ભોપાલ મેડિકલ અપીલ દ્વારા કંપનીએ તારણ કાઢ્યું હતું કે સ્થળ ઘાતક રીતે દૂષિત હતું. ભૂગર્ભજળ તરત જ માછલીઓને મારી નાખે છે. ઘણા સ્થાનો જ્યાં નમૂના લેવામાં આવ્યા હતા તે ફેક્ટરીની દિવાલની અંદર જ હતા લોકોએ દિવાલની બીજી બાજુના કુવાઓ અને સ્ટેન્ડપાઈપ્સમાંથી પાણી ખેંચ્યું હતું.

### ભારત સરકાર સાથે યુનિયન કાર્બાઇડ ૧૯૮૯માં વળતર ચુકવા સંમત

આઉટ ઓફ કોર્ટ સેટલમેન્ટમાં પીડિતોને વળતર તરીકે ઈ૪૭૦ મિલિયન ચૂકવવા સંમત થયા હતા. વાતચીત દરમિયાન પીડિતોની જાતે સલાહ લેવામાં આવી ન હતી અને ૧૦માંથી ૯ વધુમાં વધુ $500 મળ્યા હતા. આપત્તિનો ભોગ બનેલા લોકો એક જોખમી અસ્તિત્વને બહાર કાઢે છે. ૫૦,૦૦૦ થી વધુ ભોપાલીઓ તેમની ઈજાઓને કારણે કામ કરી શકતા નથી. ઘણાનો કોઈ પરિવાર જ બચ્યો નથી.

### ૧૯૯૧માં વોરેન એન્ડરસન દોષિત ઠેરવવામાં આવ્યા

૧૯૯૧માં ભારતની ફોજદારી ન્યાય પ્રણાલીએ આપત્તિ સમયે યુનિયન કાર્બાઈડના ચેરમેન અને ચીફ એક્ઝિક્યુટિવ વોરેન એન્ડરસન પર ''ગુનેગાર માનવહત્યા તે હત્યા સમાન નથી'' એવો આરોપ મૂક્યો હતો. જો તેને ભારતમાં દોષિત ઠેરવવામાં આવ્યો હોત તો તેને વધુમાં વધુ ૧૦ વર્ષની જેલની સજા થઈ હોત એન્ડરસને ક્યારેય ટ્રાયલમાં ઉભા થયા નથી. ભારતીય પ્રત્યાર્પણની વિનંતી સાડા ત્રણ વર્ષ સુધી અમેરિકાની અદાલતોમાં અધિકારીઓના જવાબ વિના અટકી પડી પડ્યુ હતું.

### યુનિયન કાર્બાઇડના ચેરમેનો મૃત્યુ

સપ્ટેમ્બર ૨૦૧૪માં ભોપાલ ગેસ દુર્ઘટનાની ૩૦મી વર્ષગાંઠના થોડા જ મહિના પહેલા યુનિયન કાર્બાઈડના ચેરમેન અને ચીફ બ્રુકલિન સુથારના પુત્ર એન્ડરસનનું ૯૨ વર્ષની ઉમરે અમેરિકાના વેરો બીચ ફ્લોરિડામાં એક નર્સિંગ હોમમાં અવસાન થયું હતું.

યુનિયન કાર્બાઈડ પર દોષિત હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ત્યારે કોર્પોરેશને ભૂતપૂર્વ ચીફ એક્ઝિક્યુટિવ ભારતમાં ટ્રાયલનો સામનો કરવાનો ઈનકાર કર્યો હતો જેથી આરોપો ક્યારેય ઉકેલાયા નથી.

### યુનિયન કાર્બાઈડ અને ડાઉ મર્જ થયા

ડાઉએ યુનિયન કાર્બાઈડ પાસેથી ૨૦૦૧માં કબજો લીધો હતો. નિયમ નકારોને સુપરત કરાયેલા કરારમાં યુનિયન કાર્બાઈડ સામે બાકી ફોજદારી કેસોનો ઉલ્લેખ છોડી દેવામાં આવ્યા છે. યુનિયન કાર્બાઈડની સતત ગેરહાજરીને સમજાવવા માટે ડાઉને ઓછામાં ઓછા છ વખત ભોપાલમાં કોર્ટમાં હાજર થવા માટે સમન્સ પાઠવવામાં આવ્યા તેણે બધી છ નોટિસની અવગણના કરી હતી. નિયન કાર્બાઈડ તેના કારણે થયેલા પર્યાવરણીય વિનાશ માટે જવાબદાર છે. ૧૯૮૯ના સમાધાનમાં પર્યાવરણીય નુકસાનને ધ્યાને લેવામાં આવ્યું ન હતું અને દૂષણ સતત ફેલાતું રહે છે.

### ભોપાલ ગેસ દુર્ઘટના કેસમાં ૬ જાન્યુઆરી સુનાવણી થશે

ભોપાલ ગેસ દુર્ઘટના કેસમાં ભોપાલ કોર્ટમાં ડાઉ કેમિકલ્સ કંપની વિરુદ્ધ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી પૂરી થયા બાદ કોર્ટે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો છે. હવે આ કેસમાં આગામી સુનાવણી ૬ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ થશે. કોર્ટ દ્વારા જારી કરાયેલી નોટિસના જવાબમાં કંપનીના વકીલે કહ્યું કે આ મામલો ભોપાલ કોર્ટના કાર્યક્ષેત્રમાં આવતો નથી.

### કંપનીના વકિલે કોર્ટમાં આપ્યો જવાબ

ભોપાલ કોર્ટમાં અરજી આપવામાં આવી હતી. આ અરજી CBI અને ભોપાલ ગ્રુપ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ એક્શન સાથે ગેસ પીડિત સંગઠન દ્વારા આપવામાં આવી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે યુનિયન કાર્બાઈડ યુએસએ ધ ડાઉ કેમિકલ કંપની દ્વારા ખરીદવામાં આવી છે. હવે તેનું નવું નામ ધ ડાઉ કેમિકલ કંપની થઈ ગયું છે. આવી સ્થિતિમાં તેને પણ આ કેસમાં આરોપી બનાવવો જોઈએ.

---

**વિશેષ** | ગુજરાત સ્ટેટ પોલીસના અધિકારી/કર્મચારીઓ માટેની સ્પર્ધામાં ૧૦ મહિલા ખેલાડીઓ સહિત કુલ ૨૨ ખેલાડીઓ જોડાયા

# સુરતના કતારગામ ખાતે નેશનલ પાવર લિફ્ટિંગ બેન્ચપ્રેસ એન્ડ ડેડ લિફ્ટ ચેમ્પિયનશીપ અને ગુજરાત સ્ટેટ પોલીસ પાવર લીફ્ટિંગ ચેમ્પિયનશિપનો શુભારંભ

## કુલ-૩ ઈવેન્ટ (પાવર લિફ્ટિંગ, બેંચપ્રેસ, ડેડલિફ્ટ) માં વિવિધ ૩૨ કેટેગરીમાં યોજાઈ રહી છે સ્પર્ધા : દેશના ૧૭ રાજ્યોના ૬૨૦ એથ્લેટ્સ લઈ રહ્યા છે ભાગ







સુરત સિટી પોલીસ અને સ્પોર્ટ્સ એસોસિએશન ઓફ ગુજરાતનાસંયુક્તઉપક્રમેકતારગામકોમ્યુનિટી હોલ ખાતે તા.૧ થી ૩ ડિસે. દરમિયાન નેશનલ પાવર લિફ્ટિંગ બેન્ચપ્રેસ એન્ડ ડેડ લિફ્ટ ચેમ્પિયનશીપ અને ગુજરાત સ્ટેટ પોલીસ પાવર લીફ્ટિંગ ચેમ્પિયનશીપ-૨૦૨૩નો ભવ્ય શુભારંભ થયો છે. કુલ-૩ ઈવેન્ટ (પાવર લિફ્ટિંગ, બેંચપ્રેસ, ડેડલિફ્ટ) માં વિવિધ ૩૨ કેટેગરીમાં સ્પર્ધા યોજાઈ રહી છે, જેમાં જમ્મુ કાશ્મીર સહિત દેશના કુલ ૧૭ રાજ્યોના ૬૨૦ એથ્લેટ્સ ભાગ લઈ રહ્યા છે.

આ પ્રસંગે પોલીસ કમિશનરશ્રી અજયકુમાર તોમરે પ્રેરણાત્મક પ્રવચન આપતા જણાવ્યું હતું કે, સ્પોર્ટ્સનો ઉંમર સાથે કોઈ સંબંધ નથી. સ્પોર્ટ્સ એ વ્યક્તિને હંમેશા યુવાન રાખે છે. ખેલકૂદને પ્રોત્સાહન આપીને જ ફીટ ઈન્ડિયાનું લક્ષ્ય હાંસલ કરી શકાશે. વિશ્વના શક્તિશાળી દેશો સ્પોર્ટ્સને પણ ભારોભાર મહત્વ આપે છે. આવા વિકસિત દેશો શિક્ષણ, ઈકોનોમી અને સ્પોર્ટ્સમાં સંતુલન જાળવીને વિકાસ સાધવામાં અગ્રેસર છે, એટલે જ તેઓ દેશવિદેશની સ્પોર્ટ્સ ઈવેન્ટસમાં સેંકડો મેડલો મેળવવામાં મોખરે રહે છે. સ્પોર્ટ્સ અને શિક્ષણમાં જે પરસેવો વહાવશે તેઓ નિરંતર આગળ વધવાની ક્ષમતા મેળવી શકશે.

કમિશનરશ્રીએ હનુમાનજી અને ભીમ જેવા પ્રાચીન બળશાળી પાત્રોનું ઉદાહરણ આપતા જણાવ્યું કે, સાહસ અને શક્તિના પ્રતિક એવા હનુમાનજી અને ભીમ પુરાતનકાળમાં પાવર લિફ્ટિંગના ઉત્તમ ઉદાહરણ છે. સ્પોર્ટ્સ વ્યક્તિત્વ ખીલવે છે, જ્યારે ડ્રગ્સ વ્યક્તિને પાયમાલીની ગર્તામાં ધકેલે છે એમ જણાવતા ઉમેર્યું કે, શહેરના નાગરિકો- યુવાનો ડ્રગ્સના દૂષણથી દૂર રહે અને બરબાદીની ખાઈમાં ન ધકેલાય તેમજ સ્પોર્ટ્સમાં પ્રોત્સાહન મેળવે એ માટે 'નો ડ્રગ્સ ઈન સુરત' અભિયાન છેડ્યું છે. જેમાં વિવિધ સ્કૂલ-કોલેજો, જાહેર સંસ્થાઓ, ઔદ્યોગિક એકમો, રોડ-રસ્તાઓ ઉપર ડ્રગ્સ અવેરનેસ કાર્યક્રમો સમયાંતરે યોજવામાં આવે છે.

શ્રી તોમરે ઉમેર્યું કે, આ વખતે પાવર લિફ્ટીંગ સ્પર્ધામાં ગુજરાત સ્ટેટ પોલીસના અધિકારી/ કર્મચારીઓ માટે પણ ચેમ્પીયનશીપ યોજવામાં આવી છે, જેમાં ૧૦ મહિલા ખેલાડીઓ સહિત કુલ ૨૨ ખેલાડીઓ જોડાયા છે. લોકોની સુરક્ષા સાથે સ્પોર્ટ્સમાં પણ ભાગીદારી નોંધાવવાની તક પોલીસ જવાનોને મળી છે.

યુનાઈટેડ પાવર લિફ્ટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા(યુ.પી.એફ.આઈ.)ના ચેરમેન પ્રેસિડેન્ટ ડો.પી.એ અરૂણ મણિએ પાવર લિફ્ટિંગ અને વેઈટ લિફ્ટિંગ વચ્ચેનો તફાવત સમજાવતા કહ્યું કે, પાવર લિફ્ટિંગમાં ખભાથી નીચે અને વેઈટ લિફ્ટિંગમાં ખભાથી ઉપર વજન ઉંચકવામાં આવે છે. તેમણે આગામી માર્ચ-૨૦૨૪માં તામિલનાડુના સેલમ સિટીમાં યોજનાર આગામી પાવર લિફ્ટિંગ સ્પર્ધાની રૂપરેખા આપી હતી. યુ.પી.એફ.આઈ.ના ચીફ પેટ્રન શ્રી હેમંતકુમારે સુરત પોલીસને આ ઈવેન્ટ યોજવા બદલ સુરત પોલીસને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, સ્પર્ધાના સુવ્યવસ્થિત આયોજનમાં સુરત પોલીસ સ્ટાફનું અનન્ય યોગદાન રહ્યું છે, સુરતની મહેમાનગતિ માણીને દરેક ખેલાડીઓ તેમજ પ્રતિનિધિઓ આનંદિત છે.

આ વેળાએ ઉપસ્થિત સૌએ ખેલકૂદને મહત્વ આપવાની તેમજ સ્પોર્ટ્સને જીવનનો ભાગ બનાવવાની સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. ઉપરાંત, વિવિધ રાજ્યોમાંથી આવેલા પાવર લિફ્ટરોએ પાવર લિફ્ટિંગનું ડેમોન્સ્ટ્રેશન રજૂ કર્યું હતું. નોંધનીય છે કે, આ કોમ્પીટીશનમાં ૩૨ ચેમ્પીયન ઓફ ચેમ્પીયન વિનર બનશે અને તેઓને સ્પોન્સર ધર્મનંદન ડાયમંડ અને ભંડેરી લેબગ્રોન ડાયમંડ દ્વારા ટ્રોફી અને કેશ પ્રાઈઝ જ્યારે અન્ય વિજેતાઓને મેડલ તેમજ કેશ પ્રાઈઝ અપાશે.

આ પ્રસંગે ધારાસભ્યો શ્રી પ્રવીણભાઈ ઘોઘારી અને કાંતિભાઈ બલર, મનપાની સાંસ્કૃતિક સમિતિના ચેરમેન સોનલબેન દેસાઈ, શહેર સંગઠન પ્રમુખશ્રી નિરંજન ઝાંઝમેરા, ધર્મનંદન ડાયમંડના ચેરમેનશ્રી લાલજીભાઈ પટેલ, ભંડેરી લેબગ્રોન ડાયમંડના ચેરમેન ઘનશ્યામ ભંડેરી, જોઈન્ટ પોલીસ કમિશનરશ્રી વબાંગ ઝમીર, જોઈન્ટ પોલીસ કમિશનર(ટ્રાફિક)શ્રી એચ.આર. ચૌધરી, એડિશનલ પો.કમિશનર (સેક્ટર-૧) શ્રી કે.એન. ડામોર તેમજ વિવિધ રાજ્યમાંથી આવેલા પાવરલિફ્ટર્સ, પોલીસકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### જસદણના રાણીંગપરમાં ૧૧૬ કિલોથી વધુ ગાંજાનું વાવેતર ઝડપાયુ

। રાજકોટ,તા.૧ ।

રાજકોટના જસદણમાં આવેલા રાણીંગપર ગામથી ગાંજાનું વાવેતર ઝડપાયું છે.રાજકોટ જીંએ બાતમી મળતા ગામના ખેતરમાં દરોડા પાડ્યા હતા. ત્યારે ૧૧૬ કિલોથી વધુ ગાંજાના છોડ મળી આવ્યા છે. તો આ સાથે જ બાબુ તળશી સોમાણી નામના એક શખ્સની ધરપકડ પણ કરી છે. રાજ્યમાં અવારનવાર નશાકારક પદાર્થનો જથ્થો ઝડપાતો હોય છે. ત્યારે રાજકોટમાં ફરી એક વાર ગાંજાનું વાવેતર સામે આવ્યુ છે. રાજકોટના જસદણમાં આવેલા રાણીંગપર ગામથી ગાંજાનું વાવેતર ઝડપાયું છે.રાજકોટ જીંએ બાતમી મળતા ગામના ખેતરમાં દરોડા પાડ્યા હતા. ત્યારે ૧૧૬ કિલોથી વધુ ગાંજાના છોડ મળી આવ્યા છે.

### મેટ્રો ટ્રેનની કામગીરી દરમ્યાન કાટમાળ પડતા રીક્ષાનો કચ્ચરઘાણ થયો

। સુરત,તા.૧ ।

મેટ્રો ટ્રેનની કામગીરી દરમિયાન સુરતમાં મોટી બેદરકારી સામે આવી છે. રિંગરોડ પર ચાલતી મેટ્રોની કામગીરી દરમિયાન લોખંડનો મસમોટો કાટમાળ રોડ પર આવી પ ડ્યો અને ત્યારે નીચે એક રિક્ષા દબાઇ ગઈ હતી. લોખંડનો કાટમાળ પડતા રિક્ષાનું કચ્ચરઘાણ નીકળી ગયું જોકે સદનસીબે ઘટનામાં જાનહાનિના કોઈ અહેવાલ સામે આવ્યા નથી.ઘટના બાદ તરત જ ક્રેન ચલાવનાર વ્યક્તિ ફરાર થઈ ગયો હતો. આ રીતની બેદરકારીથી માર્ગ ઉપરથી પસાર થતા લોકોના જીવ જઈ શકતા હતા. રિક્ષા ચાલકને પણ નુકસાન થયું છે.

### શિહોર રાધનપુર હાઈવે પર તેલ ભરેલુ ટેન્કર પલટી ગયું

। બનાસકાંઠા, તા.૧ ।

બનાસકાંઠા જિલ્લાના શિહોર રાધનપુર હાઈવે પર તેલ ભરેલુ ટેક્રર પલટી ગયુ હતુ. ટેક્રર પલટવાની ઘટના બાદ સ્થાનિક અને અન્ય વાહનચાલકો સહિત લોકોએ ટેક્રરમાંથી ખાદ્યતેલ લેવા માટે પડાપડી કરી મુકી હતી. તેલ લેવા માટે લોકોએ રીતસરની લૂંટ ચલાવી હતી અને લોકોના મોટા ટોળા ઘટના સ્થળે ઉમટી પડતા સ્થાનિક પોલીસ પણ દોડી આવી હતી. ગાંધીધામથી રાજસ્થાન તરફ જઈ રહેલ ખાદ્યતેલ ભરેલ ટેક્રરને કાંકરેજના માનપુરા પાટીયા નજીક અકસ્માત નડ્યો હતો.

# વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે સિવિલ હોસ્પિટલમાં જનજાગૃતિ રેલી યોજાઇ

## વર્ષ ૨૦૨૩ના વિશ્વ એઇડ્સ દિવસની રાજ્યસ્તરીય ઉજવણી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે કરાઈ

। અમદાવાદ,તા.૧ ।

૧લી ડિસેમ્બરે વિશ્વભરમાં એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩ના વિશ્વ એઈડ્સ દિવસની રાજ્યસ્તરીય ઉજવણી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે કરાઈ. વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

૧લી ડિસેમ્બરે વિશ્વભરમાં એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩ના વિશ્વ એઈડ્સ દિવસની રાજ્યસ્તરીય ઉજવણી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે કરાઈ હતી. વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં







આવ્યું હતું. શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોરે ફલેગ ઓફ કરીને રેલીનો શુભારંભ કરાવ્યો હતો. આ રેલીનું આયોજન સિવિલ હોસ્પિટલથી ત્રણ કિલોમીટરના વિસ્તારમાં કરાયું હતું. વિશ્વ એઈડ્સ દિવસ પર આયોજિત આ રેલીમાં સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો.રાકેશ જોષી, એડિશનલ પ્રોજેક્ટ ડાયરેક્ટર ડો. રાજેશ ગોપાલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મેડિકલ અને અન્ય કોલેજોના વિધાર્થીઓ, એન. એસ.એસ આરોગ્ય કર્મચારીઓ, દિવ્યાંગ ભાઈઓ-બહેનો, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ, પોલીસ બેન્ડ, ઘોડેસવાર પોલીસ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### અમદાવાદમાં ડ્રગ્સની હેરફેરી યથાવત

## વટવાથી ડ્રગ્સનો જથ્થો જુહાપુરા ડિલિવરી કરવા જતા ડ્રગ્સ પેડલર રંગે હાથે ઝડપાયો

। અમદાવાદ,તા.૧ ।

અમદાવાદમાં જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં ડ્રગ્સનો વેપલો વધતો જઈ રહ્યો છે. ત્યારે અમદાવાદમાં ડ્રગ્સની હેરફેરી કરનાર ડ્રગ્સ પેડલર મુજાહિદ શેખની સરખેજ પોલીસે ધરપકડ કરી છે. તેની પાસેથી ૧૦૧ ગ્રામમી MD ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું. જેની કિંમત રૂ ૧૦ લાખ છે. સરખેજ પોલીસને બાતમી મળી કે અંબર ટાવર પાછળ આવેલા ઔડાના મકાન તરફ સ્કૂટર પર એક શખ્સ ડ્રગ્સની હેરાફેરી કરી રહ્યો છે. જેથી પોલીસે વોચ ગોઠવીને ડ્રગ્સ પેડલર મુજાહિદ શેખ ડ્રગ્સની ડિલિવરી આપવા પહોંચ્યો ત્યારે પોલીસે ડ્રગ્સના જથ્થા સાથે રંગે હાથે ઝડપી લીધો. તેની પાસેથી સ્હ્ઠ ડ્રગ્સનો જથ્થો, મોબાઈલ અને સ્કૂટર જપ્ત કર્યો છે.

પકડાયેલ ડ્રગ્સ પેડલર મુજાહિદ શેખ વટવાનો રહેવાસી છે અને ડ્રગ્સની હેરાફેરી માટે એક ડિલિવરી ના ૧૦ હજાર રૂપિયા લેતો હોવાનું ખુલ્યું છે. મુખ્ય સૂત્રધાર મુનાફ લકુમ છે. જે ડ્રગ્સ માફિયા પાસેથી ડ્રગ્સ લાવીને મુજાહિદને ડિલિવરી કરવા મોકલતો હતો. આ ડ્રગ્સ પેડલરોએ ૩ વખત જુહાપુરા માં ડ્રગ્સ સપ્લાય કર્યું હોવાનુ તપાસમાં સામે આવ્યુ છે. મુંજાહિદ અને મુનાફ બન્ને વટવાના રહેવાસી છે.


### રાજ્યને પ્રદુષણ મુક્ત કરવા અનોખી પહેલ

# ગુજરાત સરકારે પ્રદૂષણ અટકાવવા અનેકવિધ નવતર પહેલ હાથ ધરી

**વેસ્ટ રીસાયક્લીંગ તથા ગંદા પાણીનું શુદ્ધિકરણ કરી પુનઃ વપરાશ વગેરે કાર્યોને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે**

। ગાંધીનગર,તા.૧ ।

ગુજરાત સરકારે પ્રદૂષણ અટકાવવા અનેકવિધ નવતર પહેલ હાથ ધરી છે. હવા પ્રદૂષણ માટે ઉદ્યોગોની સાથે સાથે ટ્રાન્સપોર્ટેશન વગેરે પરિબળો જવાબદાર હોવાથી તમામને સાંકળી રાજ્યના અમદાવાદ,સુરત, વડોદરા અને રાજકોટ એમ મુખ્ય ચાર શહેરોમાં 'નેશનલ ક્લીન એર પ્રોગ્રામ'- NCAPનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. જે અંર્તગત ગ્રીનબેલ્ટ ડેવલોપ મેન્ટ, હવાની ગુણવત્તા માપણીના સાધનો, ગ્રીન ટ્રાન્સપોર્ટ, ઉદ્યોગોમાં ક્લીન ફ્યુઅલનો વપરાશ વગેરે પર રાજ્ય સરકાર દ્વારા સવિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. સરક્યુલર ઈકોનોમીના અભિગમને પ્રાધાન્ય આપવા કચરાનો પુનઃવપરાશ,વેસ્ટ રીસાયક્લીંગ તથા ગંદા પાણીનું શુદ્ધિકરણ કરી પુનઃવપરાશ વગેરે કાર્યોને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ



બોર્ડ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ સાથે ઉદ્યોગો, ઔદ્યોગિક એસોસીએશન વગેરેનું કેપેસીટી બિલ્ડીંગ તથા જન જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યાં છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા નવીનત્તમ ટેકનોલોજી થકી પ્રદૂષણ નિયંત્રણ માટે વિવિધ પ્રોજેક્ટ પણ હાથ ધરવામાં આવ્યા રહ્યા છે, જે પૈકી પાર્ટીક્યુલેટ મેટર-સૂક્ષ્મ કણો નિયંત્રણ માટે પ્રથમવાર સુરત તથા અમદાવાદમાં કાર્યરત 'એમિશન ટ્રેડીંગ સ્કીમ' પાયલોટ પ્રોજેક્ટ, જોખમી કચરાના પરિવહન દરમિયાન ટ્રેકિંગ માટે કાર્યરત GPS આધારીત વ્હીકલ લોકેશન ટ્રેકીંગ સિસ્ટમ-VLTS, કોમન મલ્ટીપલ ઈફેક્ટ ઈવેપોરેટર્સ-સ્ઈઈ, સ્પ્રે ડ્રાયર માટે મેનીફેસ્ટ સિસ્ટમ તથા કોમન સ્પ્રે ડ્રાયર માટે માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે. સમગ્ર દેશમાં જોખમી કચરાના હેરફેર માટે VLTS સિસ્ટમ ઊભી કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય હોવાના પરિણામે આ VLTSને વર્ષ ૨૦૨૩માં પર્યાવરણ ક્ષેત્રની કામગીરી માટે 'સ્કોચ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે. વધુમાં બાયસેગ સાથે સંકલન કરી GIS ટુલ બનાવાયુ છે જે નવા ઉદ્યોગો માટે સાઈટીંગ ક્રાઈટેરીયા મુજબ ઉદ્યોગને મંજૂરી આપી શકાય કે કેમ તે અંગેનો નિર્ણય કરવામાં સહાયરૂપ છે.



અમદાવાદમાં વાતાવરણ વાદળછાયું રહ્યું હતું.

### મહીસાગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ધીમી ધારે વરસાદ

। મહીસાગર,તા.૧ ।

માવઠાની આગાહી વચ્ચે ૧ ડિસેમ્બરે મહીસાગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. ત્યારે રાજ્યમાં આગામી ૨થી ૪ ડિસેમ્બર દરમિયાન સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ પડવાની હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ આગાહી કરી છે.રાજ્યમાં હાલ શિયાળો ચાલી રહી રહ્યો છે, પરંતુ માહોલ ચોમાસા જેવો લાગી રહ્યો છે. ચાર દિવસ પહેલા કમોસમી માવઠાએ અનેક શહેરમાં કહેર મચાવ્યો હતો. ત્યારે ફરી એકવાર મહીસાગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો છે.

સંતરામપુર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ધીમી ધારે વરસાદ પડતાં ફરી એકવાર ખેડૂતો ચિંતામાં મુકાયા છે. માવઠાની આગાહી વચ્ચે ૧ ડિસેમ્બરે મહીસાગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. ત્યારે રાજ્યમાં આગામી ૨થી ૪ ડિસેમ્બર દરમિયાન સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ પડવાની હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ આગાહી કરી છે.

### ગોડાઉનમાથી મોટા પ્રમાણમાં ડુપ્લીકેટ ઓઇલ સહિતનો જથ્થો ઝડપાયો

# વડોદરામાં ડુપ્લિકેટ ઓઈલ કૌભાંડ, મિની ફેક્ટરી ઝડપાઈ

## SOGએ રેડ કરી નકલી ઓઇલ બનાવવાતી મીની ફેક્ટરી સાથે બે ઇસમોની ધરપકડ કરતાં ચકચાર મચી જવા પામી છે

। વડોદરા,તા.૧ ।

વડોદરા શહેરમાં ચાલતી અનૈતિક પ્રવૃત્તિઓ રોકવા શહેર પોલીસ દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે વડોદરા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે બાતમીના આધારે શહેરના રાજમહેલ રોડ પર આવેલા કુમેદાન ફળીયામાં SOGએ રેડ કરી નકલી ઓઈલ બનાવવાતી મીની ફેકટરી સાથે બે ઈસમોની ધરપકડ કરતાં ચકચાર મચી જવા પામી છે.

વડોદરા જીંટ પોલીસને બાતમી મળી હતી કે રાજમહેલ રોડ પર આવેલ કુમેદાન ફળીયામાં અકબરી મસ્જીદ પાસે મકાનમાં બીજા માળે ઘરે લુઝ ઓઈલમાંથી જુદી જુદી બ્રાન્ડેડ ઓઈલ કંપનીના નામના સ્ટીકરો લગાડી મશીનથી સીલબંધ કરી બોટલો તૈયાર કરી ડુપ્લીકેટ ઓઈલ તૈયાર કરવામાં આવે છે જેને ભેંસવાડામાં ટ્રસ્ટની પાસેથી ભાડેથી રાખેલ ગોડાઉનમાં રાખી માર્કેટમાં તેનું વેચાણ કરવામાં આવે છે, જેના આધારે SOG પોલીસે રેડ કરતા આરોપી મોહસીન મસકવાલા અને તેનો ભાઈ યાસીન મસકવાલા તેના ઘરમાં જાણીતી કંપનીના અલગ અલગ બ્રાન્ડેડ ઓઈલ કંપનીઓના નામે ડુપ્લીકેટ ઓઈલ બનાવતી મીની ફેકટરી ચલાવતો હોવાનું સામે આવ્યું. પોલીસને ઘર ઉપરાંત ભેંસવાડા ખાતેના ગોડાઉનમાં પણ દરોડો પાડી તપાસ કરી. જ્યાંથી મોટા પ્રમાણમાં ડુપ્લીકેટ ઓઈલની બાટલો ઝડપી પાડી. SOGએ બંને આરોપી ભાઈઓને પકડી રાવપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.SOG એ આરોપીઓના ઘર અને



ગોડાઉનમાથી મોટા પ્રમાણમાં ડુપ્લીકેટ ઓઈલ સહિતનો જથ્થો ઝડપી પાડ્યો હતો જેમાં એસઓજી દ્વારા અલગ અલગ જાણીતી બ્રાન્ડ તેમજ અન્ય કંપનીઓનો ડુપ્લીકેટ ભરેલ સીલબંધ નાની મોટી બોટલો તેમજ પાઉચ નંગ-૨૦૦૮ જેની કિંમત રૂપિયા ૪,૯૯,૧૩૩ , લુઝ ઓઈલ - ૧૦૬૫ લીટર જેની કિંમત રૂપિયા ૭૪,૩૧૦ સીલ કરવા માટેનું મશીન નંગ-૦૧ જેની કિંમત રૂપિયા ૧૦,૦૦૦ સાથે ખાલી બોટલો તેમજ અલગ અલગ બ્રાન્ડના સ્ટીકર્સ તેમજ મોબાઈલ ફોન અને અન્ય ચીજ વસ્તુ મળી કુલ કિંમત રૂપિયા ૬,૧૯,૨૨૩નો મુદ્દમાલ કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મહત્વની વાત છે કે ટુ વ્હીલર અને ફોર વ્હીલરમાં ઉપયોગમાં આવતા બ્રાન્ડેડ ઓઈલ કંપનીઓના નામે ડુપ્લીકેટ ઓઈલ બનાવી આરોપીઓ વેપલો કરી રહ્યા હતા. જે મામલે જીંએ આરોપી કેટલા સમયથી મિનિ ફેક્ટરી ચલાવતા હતા.

### સુરતની VNSGUની પરીક્ષામાં વિદ્યાર્થીઓએ પેપરમાં પ્રેમ કહાની લખી

। સુરત, તા.૧ ।

કોઈ પણ વિદ્યાર્થી કોઈ પણ કિંમતે પરીક્ષાઓમાં ફેલ થવા ઈચ્છતા ન હોય. જેથી તેઓ નતનવા પેતરા અપનાવે છે. પેપરમાં રોકડ મુકવાના અથવા શિક્ષકને પાસ કરાવી દેવા માટે કાકલુદી કરવાના કિસ્સાઓ તો અનેક સામે આવતા હોય છે પરતું સુરતમાંથી એક અજીબોગરીબ ઘટના સામે આવી છે. જ્યાં વિદ્યાર્થીઓએ પેપરમાં પ્રેમ કહાની લખીને પ્રોફેસરોને ગાળો ભાંડી છે. જેને લઈને ભારે ચર્ચા જાગી છે. મળતી માહિતી અનુસાર સુરતની VNSGUની પરીક્ષામાં વિદ્યાર્થીઓએ પેપરમાં પ્રેમ કહાની લખી હોવાનું સામે આવ્યું છે. બીકોમ અને બીએની પરીક્ષાના પેપરોમાં મિત્રોની પ્રેમ કહાની લખી હોવાનું સામે આવ્યું છે. વિદ્યાર્થીઓએ માત્ર પ્રેમ કહાની નહીં પણ પ્રોફેસરઓને ગાળો પણ આપી હોવાનું સામે આવ્યું છે. સુરતની VNSGUની પરીક્ષામાં ૬ વિદ્યાર્થીએ ઉત્તરવહીમાં મિત્રની પ્રેમ કહાની, આચાર્યો અને પ્રોફેસરો માટે ગાળો લખી હતી. જ્યારે શિક્ષકે પેપર ચેક કર્યા ત્યારે સમગ્ર ઘટનાનો પર્દાફાશ થયો હતો. શિક્ષકો પેપર ચેક કરી રહ્યાં હતા ત્યારે ઉત્તરવહીમાં મિત્રની પ્રેમ કહાની, આચાર્યો અને પ્રોફેસરો માટે ગાળો લખેલી જોવા મળતા ચોંકી ગયા હતા. જે મામલો ઉચ્ચકક્ષાએ પહોચતા હાલ તો તમામનું મેડિકજીલ પ્રોફેસરોની હાજરીમાં હિયરિંગ કરવામાં આવ્યું હતું. બાદમાં કોલેજ દ્વારા આ ૬ વિદ્યાર્થીઓને શૂન્ય માર્ક્સ આપી રૂ. ૫૦૦ની પેનલ્ટી આપવામાં આવી છે. આ સાથે જ વિદ્યાર્થીઓએ પોતાની ભૂલ કબૂલી લેખિતમાં માફી માંગી હતી. જને લઈને સુરતની VNSGUની પરીક્ષામાં વિદ્યાર્થીઓએ પેપરમાં લખેલી પ્રેમકહાની અને આચાર્યો અને પ્રોફેસરો માટે ગાળો લખેલી ઘટના સોશિયલ મીડિયામાં ચર્ચાનો વિષય બન્યો છે.

# મોરબીમાં દલિત યુવાન મારઝૂડ કેસના ૬ આરોપીઓ જેલ હવાલે

। મોરબી,તા.૧ ।

ગુજરાતના મોરબીમાં પગારની માંગણીને લઈને દલિત યુવાનને બેલ્ટથી માર મારીને દાદાગીરી દેખાડનાર વિભૂતી પટેલ ઊર્ફ રાણીબાની દાદાગીરી નીકળી ગઈ છે. દલિત યુવાનની મારઝૂડ કરવાની મુખ્ય આરોપી વિભૂતી પટેલ છે અને તેની સાથે બીજા પણ પાંચ આરોપીઓ છે. મોરબી કોર્ટે આજે તેમની જામીન અરજી ફગાવી દીધી હતી અને તમામ આરોપીઓને જેલમાં મોકલી દીધા હતા. મોરબી કોર્ટે રાણીબા સહિતના તમામ ૬ આરોપીઓની જામીન અરજી ફગાવી દેતા તેમને ફરી વાર જેલમાં જવાનો વારો આવ્યો છે. કોર્ટે તેમને રાહત આપવાનો ઈક્રાર કરી દીધો હતો. ૨૭ નવેમ્બરે વિભૂતિ પટેલે તેના ભાઈ ઓમ પટેલ સાથે અન્ય એક સાથે પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

આ કેસમાં પોલીસે એક દિવસ પહેલા જ અન્ય એક આરોપીની ધરપકડ કરી હતી. સ્પેશિયલ કોર્ટે આગોતરા જામીન અરજી ફગાવી દેતાં વિભૂતિ પટેલની મુશ્કેલીઓ વધી ગઈ હતી.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨